આજનો સુવિચાર

કર્મ હંમેશા એવા કરો કે ફળ ભોગવતી વખતે તક મળે તકલીફ નહી...!!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૯૦ જૂનાગઢ તા.૨૮-૭-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 190, Junagadh : Date : 28 July, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# હવે દક્ષિણ ગુજરાત પર આભ ફાટયું : મહુવામાં ૧૨, નવસારીમાં ૧૧ ઈંચ ધોધમાર વરસાદ

સુરત તા.૨૮

દક્ષિણ ગુજરાતનાં સુરત, નવસારી, વલસાડ, ડાંગ, સહીતના જીલ્લાઓમાં મેઘપ્રકોપ હોય તેમ ગઈરાતથી અનરાધાર વરસાદ શરૂ થઈ ગયો હતો અને સવાર સુધીમાં મોટાભાગનાં વિસ્તારો જળબંબાકાર બન્યા હતા. સુરતના મહુવામાં ૧૨ ઈંચ વરસાદ ખાબકયો હતો. બારડોલીમાં ૯, પલસાણા ચોર્યાસીમાં ૬-૬, ઈંચ તથા માંડવીમાં ચાર ઈંચ વરસાદ પડયો હતો. નવસારી શહેર જળબંબાકાર થયુ હતું. ૬ કલાકમાં ૧૧ ઈંચ પાણી વરસતા નીચાણવાળા ભાગોમાં મકાનો-દુકાનોમાં પાણી ઘૂસ્યા હતા. જલાલપોરમાં આઠ તથા વાંસદામાં પાંચ ઈંચ વરસાદ થયો હતો.વલસાડના કપરડામાં ૮ તથા ઉમરાણામાં સાત ઈંચ વરસાદ થયો હતો.ડાંગ જીલ્લાના સુધીમાં ૮ ઈંચ, આહવા-વધઈમાં ૬-૬ ઈંચ પાણી પડયુહતું. તાપીના સોનગઢમાં સાત ઈંચ, વાલોદમાં ૬ ઈંચ વરસાદ હતો. દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રીક ભારે વરસાદને પગલે નવસારી-ડાંગમાં અંબીકા પૂર્ણા તથા કાવેરી નદીનાં જળસ્તરમાં મોટો વધારો થયો છે.

પૂર્ણા નદીનું જ સપાટી ભયજનકથી એક ફૂટ દુર છે અને તંત્ર એલર્ટ બન્યુ છે. બારડોલીમાં પુર જેવા પાણીમાં ફસાયેલા ૨૪ લોકોને રેસ્કયુ કરાયા હતા ડાંગમાં શિવઘાટ ધોધ પાસે ભૂસ્ખલન થયુ હતું. પરીણામે આહવા-સાપુતારા માર્ગમાં વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. બારડોલીનો અંડરપાસ બંધ કરાયો હતો નવસારી-સુરત-હાઈવે પર પાંચ કીમીનો ટ્રાફીકજામ હતો.પાણી ફરી વળ્યા હતા.સુરત જીલ્લાની શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. દરમ્યાન હવામાન ખાતાનાંરીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે રાજયના ૩૧ જીલ્લાનાં ૧૩૯ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાત સિવાય રાજયના અન્ય ભાગોમાં છુટોછવાયો હળવો, ભારે વરસાદ હતો. આસાથે રાજયનો ૭૫ ટકાથી વધુ વરસાદ વરસી ગયો છે.

## દેશમાંથી ૧૦ લાખ મહિલાઓ લાપત્તા થઈ

નવી દિલ્હી,તા. ૨૮ : મણિપુરમાં બે મહિલાઓને નગ્ન ઘુમાવવાનો મુદ્દો હજુ શાંત થયો નથી. તે દરમિયાન જ નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો તરફથી ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. અહેવાલો અનુસાર છેલ્લા બે વર્ષ દરમિયાન દેશમાં એક બે નહીં પરંતુ ૧૦ લાખ કરતાં પણ વધારે મહિલાઓ લાપતા થઈ ગઈ છે. આ યાદીમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજય ટોચના સ્થાને છે. સંસદમાં પણ સતત વિપક્ષ અને સત્તાધારી પક્ષ મહિલા સુરક્ષાના મુદ્દાને ઉઠાવી રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એનસીઆરબીના ડેટાના હવાલાથી જણાવ્યું હતું કે માત્ર ૨૦૨૧માં જ ૧૮ વર્ષ કરતાં વધારે વયની ૩ લાખ ૭૫ હજાર ૫૮ મહિલા લાપતા થઈ છે. ૨૦૧૯થી માંડીને ૨૦૨૧ વચ્ચે સૌથી વધારે મહિલાઓ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં લાપતા બની છે. આ મામલે સૌ પહેલાં ૧૩ હજાર ૨૭૮ છોકરીઓ સાથે પ્રિમ બંગાળ છે. વર્ષ ૨૦૧૯માં મધ્યપ્રદેશમાં ૫૨ હજાર ૧૧૯, ૨૦૨૦માં ૫૨ હજાર ૩૫૭ અને ૨૦૨૧માં ૫૫ હજાર ૭૦૪ મહિલાઓ ગાયબ થઈ હતી. ખાસ વાત એ છે કે રાજયમાં આ આંકડો દર વર્ષે વધ્યો છે. જયારે મહારાષ્ટ્રની વાત કરીએ તો અહીં ૨૦૧૯માં આ આંકડો ૬૩ હજાર ૧૬૭, ૨૦૨૦માં ૫૮ હજાર ૭૩૫ અને ૨૦૨૧માં ૫૬ હજાર ૪૯૮ મહિલાઓ ગાયબ થઈ હતી.

## ૨૦૨૭ સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે : વડાપ્રધાન

(દિલ્હી બ્યુરો)નવી દિલ્હી,તા. ૨૮

દેશની સૌથી મોટી બેંક એસબીઆઈના અર્થશાસ્ત્રીઓએ ભારતીય અર્થવ્યવસ્થા ૨૦૨૭ સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું અનુમાન કર્યુંછે, જે અગાઉના અંદાજ કરતાં બે વર્ષ વ્હેલો છે. આ અહેવાલ વડાપ્રધાન મોદીના સંબોધનના એક દિવસ પછી આવ્યો છે જેમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી એનડીએ સરકારના ત્રીજા કાર્યકાળ દરમિયાન દેશ વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. એસબીઆઈના અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે ૨૦૨૩-૨૪માં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ વૃદ્ધિ દર (સ્થિર ભાવે) ૬.૫ ટકા રહેશે. અર્થશાસ્ત્રીઓએ તેમના અહેવાલમાં જણાવ્યું હતું કે, 'દેશે ૨૦૧૪થી જે માર્ગ પસંદ કર્યો છે તે દર્શાવે છે કે માર્ચ ૨૦૨૩ના વાસ્તવિક જીડીપી આંકડાઓના આધારે ભારત ૨૦૨૭ (નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮) સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. જો વર્ષ ૨૦૧૪ સાથે સરખામણી કરવામાં આવે તો ભારતીય અર્થવ્યવસ્થા ૧૦મા સ્થાને હતી. આ સંદર્ભમાં, તેમાં ૭ સ્થાનોનો સુધારો થશે.

રિપોર્ટ અનુસાર, ભારત અગાઉના અંદાજ કરતાં બે વર્ષ વહેલું આ સીમાચિહ્ન હાંસલ કરે તેવી શકયતા છે. અગાઉના અંદાજમાં, ભારત ૨૦૨૯માં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની ધારણા હતી. હાલમાં ભારત વિશ્વની પાંચમીસૌથી મોટી અર્થવ્યવસ્થા છે.

રિપોર્ટ અનુસાર, ૨૦૨૨-૨૭ દરમિયાન અર્થતંત્રના કદમાં ૧,૮૦૦ બિલિયનનો વધારો ઓસ્ટ્રેલિયન અર્થતંત્રના વર્તમાન કદ કરતાંવધી જશે. અર્થશાસ્ત્રીઓએ લખ્યું છે કે ૨૦૨૭ સુધીમાં વૈશ્વિક જીડીપીમાં ભારતનો હિસ્સો ચાર ટકા રહેશે અને આ દરમિયાન દર બે વર્ષે અર્થવ્યવસ્થાના કદમાં $૭૫૦ બિલિયનનો વધારો થશે.

રિપોર્ટ અનુસાર, આ દરે જીડીપીમાં વધારા સાથે, ૨૦૪૭માં ભારત તેની સ્વતંત્રતાની શતાબ્દી ઉજવશે ત્યાં સુધીમાં અર્થતંત્ર ઈ૨૦,૦૦૦ બિલિયન સુધી પહોંચી જશે. વર્તમાન ભાવો પર ૧૧-૧૧.૫ ટકાના જીડીપી વૃદ્ધિ દર અને વાર્ષિક ૬.૫થી ૭ટકાના વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર સાથે, ભારતનો સંચિત વિકાસ દર ૮.૪ ટકા રહેશે અને વિકાસની આ ગતિ શકય છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાજયોમાં મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશનો GSDP (ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ) વર્ષ ૨૦૨૭ સુધીમાં $ ૫૦૦ બિલિયનને પાર કરી જશે.

## વડાપ્રધાન મોદીની ગુજરાત મુલાકાતનો આજે બીજો દિવસ મહાત્મા મંદિરમાં સેમીકોન ઈન્ડિયા ૨૦૨૩ ખુલ્લો મુકયો

(ગાંધીનગરબ્યુરો) ગાંધીનગર તા.૨૮

રાજકોટના આંતરરાષ્ટ્રીય વિમાની મથકનું ગઈકાલે ઉદઘાટન કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગતરાત્રીના ગાંધીનગર પહોંચ્યા હતા અને આજે તેઓએ મહાત્મા ગાંધી મંદિર ખાતે ગુજરાતને સેમીકન્ડકટર ચીપ્સ ઉત્પાદનમાં 'હબ' બનાવવા માટે મહત્વના સેમીકોન ઈન્ડીયા-૨૦૨૩ને ખુલ્લો મુકયો હતો તથા આ માટે પહોંચેલા દેશ વિદેશના સેમીકન્ડકટર ચીપ્સ ઉત્પાદન તથા રીસર્ચ ડેવલપમેન્ટ સહિતના ક્ષેત્રે જોડાયેલા મહાનુભાવો સાથે સંવાદ પણ કર્યો હતો. વડાપ્રધાન મોદી આજે બપોર બાદ ગાંધીનગર જવા રવાના થયા હતા. ગઈકાલે રાજકોટમાં મોદીએ નવાવિમાની મથક્ની મુલાકાત લીધા બાદ તેઓએ રાજકોટમાં એક વિશાળ સભાને સંબોધધન કરી હતી અને રાત્રીના રાજભવન ખાતે તેઓએ મંત્રીમંડળના સભ્યો સાથે ભોજન લીધુ હતું અને ગુજરાતના પ્રોજેકટ અંગે પણ ચર્ચા કરી હતી.

ગુજરાતમાં દેશની સર્વપ્રથમ સેમીકન્ડકટર ચીપ્સ એસેમ્બલી તથા પેકીંગ પ્લાંટ માટે વડાપ્રધાને અમેરિકાની યાત્રા સમયે યુરોપ કંપની માઈક્રોનને આમંત્રીત કરી હતી તે બાદ હવે ગુજરાત સહિત દેશમાં સેમીકન્ડકટર ચીપ્સના ઉત્પાદનની આગામી સમયની યોજનાઓને વેગ આપવા માટે આ સેમીકોનઈન્ડીયા ૨૦૨૩ મહત્વની ભૂમિકા ભજવશે.

## મણિપુરમાં મહિલાઓની નિર્વસ્ત્ર પરેડ મામલે સુપ્રિમ કોર્ટ આજે સુનાવણી કરશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૮

દેશના પૂર્વોત્તર રાજય મણિપુરમાં છેલ્લા ત્રણ મહિનાથી હિંસા ચાલી રહી છે તેમા પણ મહિલાઓની નગ્ન પરેડને લઈને સંસદથી લઈને રસ્તાઓ પર વિરોધ થઈ રહ્યો છે ત્યારે હવે આ મામલે સુપ્રીમ કોર્ટઆજે સુનાવણી કરીરહી છે. સુપ્રીમ કોર્ટે ગત સુનાવણીમાં આ મામલે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી ? સુનાવણી પહેલા ગૃહ મંત્રાલય દ્વારા એફિડેવિટ દાખલ કરવામાં આવી છે જેમાં કહેવામાં આવ્યું છે કે પોલીસે અત્યાર સુધીમાં આ કેસમાં ૭ આરોપીઓની ધરપકડ કરી છે. આ વીડિયો જે મોબાઈલમાંથી બનાવવામાં આવ્યો હતો તેને પણ જપ્ત કરવામાં આવ્યો છે. કેન્દ્રએ એફિડેવિટ દાખલ કરીને કોર્ટને જણાવ્યું છે કે રાજ્ય સરકારની સંમતિ લીધા બાદ કેસની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી છે. કેસોનો ઝડપી નિકાલ જરૂરીછે. આ સાથે કેન્દ્રએ અપીલ કરી છે કે કેસને રાજ્યની બહાર ટ્રાન્સફર કરવાનો આદેશઆપવામાંઆવે અને ટ્રાયલ કોર્ટને પણ ચાર્જશીટ દાખલ થયાના ૬ મહિનામાં તેનો નિર્ણય આપવાનો નિર્દેશ આપવામાં આવે.

બીજી તરફ સંસદમાં ચોમાસું સત્ર ચાલી રહ્યું છે ત્યારે વિપક્ષ આ મુદાને લઈને સતત હોબાળો કરી રહી છે અને વડાપ્રધાન પાસે આ મુદે સંસદમાં બોલવાની માગ કરી રહી છે. વિપક્ષે ગઈકાલે કાળા કપડા પહેરીને વિરોધ નોંધાવ્યો હતો.

## પાકિસ્તાનનાં દાણચોરો ડ્રોન મારફત ભારતમાં હેરોઈન મોકલે છે : પાક. નેતાની કબુલાત

લાહોર તા. ૨૮

પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફના નજીકના અને સરકારમાંઉચ્ચ હોદ્દા પર રહેલા એક નેતાએ કબૂલાત કરી છે કેપાકિસ્તાની દાણચોરો સરહદ પારથી ભારતમાં ડ્રગ્સ મોકલવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. આ પહેલીવાર છે જયારે પાકિસ્તાનમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા વ્યકિતએ કેમેરાની સામે કબૂલાત કરી છે કે પાકિસ્તાની દાણચોરો ભારતીય વિસ્તારમાં માદક દ્રવ્યોની દાણચોરી કરવા માટે હાઈટેક માધ્યમોનો ઉપયોગ કરી રહ્યા છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફના વિશેષ સંરક્ષણ સહાયક મલિક મોહમ્મદ અહેમદ ખાને ભારતના પંજાબની સરહદે આવેલા કાસુર શહેરમાં વરિષ્ઠ પાકિસ્તાની પત્રકાર હામિદ મીરને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી છે.

૧૭ જુલાઈના રોજ ટ્વીટ કરાયેલા એક વીડિયોમાં ખાન હામિદ મીરને કાસુરમાં સીમાપાર ડ્રગ્સ સ્મગલિંગ પર સવાલ પૂછતા જોવા મળે છે. જેના પર ખાન સહમત જોવા મળે છે. ખાને કહ્યું કે 'હા અને તે ખૂબ જ ડરામણી છે. તાજેતરમાં બે ઘટનાઓ બની છે. જેમાં દરેક ડ્રોનમાં ૧૦ કિલો હેરોઈન બાંધીને બહાર ફેંકવામાં આવ્યું હતું. એજન્સીઓ તેને રોકવાનો પ્રયાસ કરી રહી છે.એવું કહેવાય છે કે મલિક મોહમ્મદ અહેમદ ખાન કસુરથી સાંસદ છે અને તે પાકિસ્તાનમાં રાજકીય અને સૈન્ય સંસ્થાનની ખૂબ જ નજીક છે.

## મુકેશ અંબાણી નહી પણ અક્ષય કુમાર દેશનો સૌથી મોટો કરદાતા

મુંબઈ,તા. ૨૮ : અત્યારે તો દેશભરમાં આઈટી રીટર્ન ફાઈલ કરવાની મૌસમ પૂરબહારમાં ખિલી ઉઠી છે અને એમાં પણ હવે તો એની ડેડલાઈન ખૂબ જ નજીક આવી ગઈ છે. ઘણા લોકોએ અત્યાર સુધી આઈટી રિટર્ન ફાઈન કરી દીધા હશે તો ઘણા લોકો ફાઈલ કરવાની તૈયારીમાં હશે. પણ શું તમને ખબર છે તે દેશમાં સૌથી વધુ ઈન્કમટેક્સ કોણ ભરે છે ?

હવે તમે બોલશો કે એમાં શું પૂછવાનું આ સૌથી વધુ ટેક્સ ભરનારાઓમાં અંબાણી, મિત્તલ કે પછી બિરલાનું જ નામ હોય ને, એમની કમાણી પણ એવી જ જોરદાર છે. પરંતુ એ જાણીને નવાઈ લાગશે કે આ કોઈનું નામ દેશના સૌથી વધુ ટેકસ ચૂકવનારા લોકોમાં નથી આવતું. આઈટી ડિપાર્ટમેન્ટ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર અક્ષયકુમારે ગયા વર્ષે એટલે કે ૨૦૨૧-૨૨ના આર્થિક વર્ષમાં ભારતનો સૌથી મોટો ટેક્સ પેયર હતો એક્ટર અક્ષય કુમાર. ફિલ્મ એક્ટર અક્ષયે ૨૦૨૨માં ૨૯.૫ કરોડનો ટેક્સ ચૂકવ્યો હતો અને તેણે પોતાની આખા વર્ષની કમાણી ૪૮૬ કરોડ રૂપિયા હોવાની જણાવી હતી.

## હોલેન્ડમાં માત્ર ૮ વર્ષનાં બાળકે ઓનલાઈન એકે-૪૭ મશીનગન મંગાવી

નવી દિલ્હી,તા. ૨૮ : અત્યાર સુધી ઓનલાઈન ફુડ્સ, મોબાઈલ ફોન, કપડા કે કોઈ બીજી ચીજ વસ્તુ મંગાવી હશે. પરંતુ માત્ર ૮ વર્ષના બાળકે ડાર્ક વેબમાંથી એકે-૪૭ મશીન ઓનલાઈન મંગાવી અને આવી પણ ગઈ. ઘરે આવેલી મશીનગન જોઈને તેની માતાને જબરજસ્ત આઘાત લાગ્યો. આ કિસ્સો હોલેન્ડનો છે અને માતાએ પોતે આ વાત શેર કરી છે. તે સમજી ગઈ કે બાળક માટે તો એકે-૪૭ મશીનગન રમકડુ જ હતી. પરંતુ વાસ્તવમાં આ ભયાનક શસ્ત્ર છે બાળકને તેની ગંભીરતાની ખબર નથી.

મહિલાએ દાવો કર્યો કે તેના ૮ વર્ષના પુત્રએ તેની જાણકારી વગર ઓનલાઈન એકે-૪૭ ખરીદી હતી. આ રાઈફલ જ્યારે ઘરે પહોંચી ત્યારે તેના હોશ ઉડી ગયા. તેણે તરત જ તલાશ શરૂ કરતા તેને ખબર પડી કે તેની પાછળ ઈન્ટરનેટની કાળી દુનિયા ડાર્કવેબ હતી. અહીં બેફામ રીતે ગેરકાયદેસર કામ થાયછે. ડાર્ક વેબ ઈન્ટરનેટનો તે હિસ્સો છે. જ્યાં ગુગલ કે બિંગ જેવા સર્ચ એન્જીન દ્વારા પહોંચી શકાતું નથી. તેના માટે સ્પેશ્યલબ્રાઉઝર અને પરમિશનની જરૂરહોય છે. તેના દ્વારા ડ્રગ્સ, શસ્ત્રો સહિત ગેરકાયદેસરના કામ થાય છે. માતા બાર્બરા જેમેનનું કહેવું હતું કે તેનાપુત્રએ આઠ વર્ષનીઉંમરે હેકિંગ કરી દીધુ હતું. હેકરોએ મારા પુત્રનો ઉપયોગ મની લોન્ડરિંગ માટે પણ કર્યો છે.

### યુપીનાં પીલીભીતમાં બનેલી ચકચારી ઘટના

## પત્નીએ પતિને ખાટલા સાથે બાંધી પાંચ ટુકડા કરી લાશને કેનાલમાં ફેંકી

પીલીભીત તા. ૨૮ : ઉત્તર પ્રદેશના પીલીભીતમાં પત્નીએ તેના પતિને દોરડા વડે ખાટલા સાથે બાંધી દીધા બાદ કુહાડી વડે તેની કરપીણ હત્યા કરી નાખી હતી. આ પછી મૃતદેહના પાંચ ટુકડા કરવામાં આવ્યા હતા અને તે ટુકડાને ગામ પાસેની કેનાલમાં ફેંકી દેવામાં આવ્યા હતા. પોલીસ મૃતદેહના ટુકડા શોધવા માટે ગોતાખોરોની મદદ લઈ રહી છે. મોડી રાત સુધી લાશ મળી આવી નથી. પોલીસનું કહેવું છે કે મહિલાએ ગુનો કબૂલી લીધો છે. ઘટના બાદ વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ ગજરૌલાપોલીસ સ્ટેશનવિસ્તારના શિવનગર ગામનો રહેવાસી ૫૫ વર્ષીય રામપાલ મંગળવારસવારથી ગુમહતો. રામપાલનો પુત્ર સોમપાલ તેની પત્ની અને બાળકો સાથે ગામમાં બીજા ઘરમાં રહે છે. રામપાલ અને તેની પત્ની દુલારો દેવી વચ્ચે વિવાદ ચાલતો હતો. દુલારો દેવીએ તેના પતિ રામપાલના મિત્ર સાથે મિત્રતા કરીહતી. થોડા દિવસ પહેલા મહિલા તેની પાસે રહેવા લાગી હતી. તે એક મહિના પહેલા જ ગામમાં આવ્યો હતો.

બુધવારે દુલારો દેવીએ તેના પુત્રને કહ્યું કે તેના પિતા ઘરે નથી. આ અંગે પુત્રએ બુધવારે જ ગજરૌલાપોલીસ સ્ટેશનમાંપિતાના ગુમ થયાની માહિતી આપી હતી.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

| બાબુભાઈ | સંદિપભાઈ |
| --- | --- |
| મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫ | મો. ૯૪૨૬૮ ૩૩૮૧૧ |

મીઠાઈઓની મીઠાશ...એટલે...

મુરલીધર ડેરી ફાર્મ



અંબા આર્કેડ, એમ.જી. રોડ, જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

જૂનાગઢ તથા ગીર સોમાનાથ જીલ્લાનું સર્વપ્રથમ અને અત્યાધુનિક સુવિધાયુક્ત ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર અને ગાયનેક હોસ્પિટલ

ડો. ડી.ડી. ભાદરકા M.S. (ગાયનેક)
ડો. મનીષા ડી. ભાદરકા B.H.M.S.

Where Dreams are born
Earth Test Tube baby Center
અર્થ

- વંધ્યત્વ નિવારણ કેન્દ્ર
- લેપ્રોસ્કોપી નિદાન અને સારવાર
- હાઈ રિસ્ક પ્રેગનન્સી યુનીટ
- CLASS 100 MODULAR IVF LAB.
- 3D / 4D સોનોગ્રાફી
- પ્રસુતિ વિભાગ

એપોઈન્ટમેન્ટ : ૮૪૦૧૫ ૪૧૦૦૭ / ૯૫૫૮૦ ૫૫૬૮૪

ઝાંઝરડા બાયપાસ ચોકડી પાસે, ગોલ્ડન ટ્રેડ સેન્ટર પાછળ, જૂનાગઢ

વેચવાનો છે

ઔદ્યોગિક હેતુવાળા ૨૪૪૮ ચોરસ વાર પ્લોટ, જય ભૂવનેશ્વરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સાબલપુર, જૂનાગઢ (૨૨ હોર્સ પાવર સાથે)

મળો : જયેન્દ્રભાઈ
મો. ૯૮૨૫૫ ૨૦૧૪૮

લેવા-વેચવા

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

મયંક એસ્ટેટ બ્રોકર
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી


અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# રાજકોટનું એરપોર્ટ વિકાસની નવી ઉડાન સાથે 'વિકસીત ઉર્જા'નું પાર્ટ બની અનુચિત 'ઊર્જીત-સપોર્ટ'નું પોર્ટ બની રહેશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## રાજકોટે રાજકોટના તમામ વિક્રમો તોડયા : ૨૦૩૩ કરોડનાં વિવિધ વિકાસકીય સંકલ્પોનાં અલ્પકાળ દરમ્યાન પ્રકલ્પોનું રાજકોટીયનોને સમર્પિત કરી અર્પિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી






(પંકજઝીબાદ્વારા) રાજકોટ તા.૨૮

ગુજરાતના પ્રથમ હિરાસર-ગ્રીનફીલ્ડ એરપોર્ટ સહિત કુલ ૨૦૩૩ કરોડના વિવિધ વિકાસકીય સંકલ્પોનું અલ્પકાળમાં જ વિકસિત પ્રકલ્પોનું રાજકોટીયનોને સમર્પિત થઈ અર્પિત કરી સુવિકસિતરાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં સહભાગી બનવાનો અવસર જે તમોએ મને આપ્યો તેનો હું આભારી રહીશ તેમ રાજકોટના રેસકોર્ષ મેદાન ખાતે વિશાળ સંખ્યામાં ઉમટેલી જનમેદનીને વિકાસના પ્રત્યાર્પણ કરી જનસભાને સંબોધતા જણાવ્યુંહતુંકે, આજે રાજકોટની ઓળખ રાજકોટ પુરતી મર્યાદિત નહીં રહે તે, સૌરાષ્ટ્ર-ગુજરાતનાં ગતિરૂપી પ્રગતિ સાથેના દિશા-નિર્દેશ આપતા 'ગ્રોથ એન્જીન'ની પરખ બની રહેશે. આજે ''રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ'' થકી રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતના વિકાસને ઔદ્યોગિકક્ષેત્રે વિકસિત ઉર્જાના ભાગરૂપી અનુચિત 'ઊર્જીત સપોર્ટ'નુંકેન્દ્ર બની રહેશે, તેવો વિશ્વાસ આજે આપ સૌ રાજકોટવાસીઓના 'ઉત્કર્ષરૂપી આવકાર'ની ઉર્જાએ પ્રજવલ્લિત કર્યો છે તેનો મને ગર્વરૂપી આનંદની અનુભૂતિ કરાવી રહ્યો હોવાનું ઉપસ્થિત વિશાળ જનમેદનનું અભિવાદન ઝીલતા જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બપોરે રાજકોટના હિરાસરમાં નવનિર્મિત 'રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ' ઉપર ઉતરાણ કરી આવી પહોંચેલા વડાપ્રધાનનું કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી જયોતિરાદિત્ય સિંધીયા, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સાંસદ સી.આર. પાટીલ, ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત, રાજયના ચીફ સેક્રેટરી રાજકુમાર, રાજય પોલીસવડા વિકાસ સહાય અને રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી સહિતના મહાનુભાવોએ સ્વાગત કર્યુ હતું.

રાજયના પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટને લોકાર્પિત કર્યા બાદ એરપોર્ટ ઓથોરીટી ઈન્ડીયાના ચેરમેન સંજીવકુમારે આંતરરાષ્ટ્રીય સ્તરની આંતરિક અને બાહ્ય સુવિધાઓની સહવિધ વિશેષતાઓથી અવગત કર્યા હતા. બાદમાં બાયરોડ રાજકોટના રેસકોર્ષ મેદાન ખાતે યોજાયેલ જનસભામાં રૂા.૨૦૩૩ કરોડનાં પ્રકલ્પોનું રીમોર્ટ કંટ્રોલ દ્વારા ઉપસ્થિત વિશાળ જનમેદની સમક્ષ લોકાર્પિત કરી પોતાના ઉદ્‌બોધનમાં પ્રારંભમાં તાજેતરમાં કુદરતી આપદામાં મોટુ નુકશાન પામેલ પરિવારો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરતા જણાવેલ કે, પુર-વાવાઝોડાથી પ્રભાવિત જનજીવન જલ્દી સામાન્ય થાય તે માટે રાજય અને કેન્દ્રસરકાર દ્વારા બચાવ-રાહત અને સહયોગ આપવા હંમેશા તત્પરતા સાથે પ્રયત્નશીલ રહેશે.

તેમણે રેસકોર્ષમાં વિરાટ મેદનની સંબોધતા જણાવેલ કે, 'હું રાજકોટનો હંમેશા ઋણી રહ્યો છું અને સમયાંતરે મને આ ઋણનું ઉતરાદાયિત્વ પ્રાપ્ત થાય તે માટે સવિશેષ યાદ કરવાનું ચુકતો નથી, તેમણે રાજકોટની જીવનશૈલીને કાર્યક્રમના ભાગરૂપે વર્ણવતા જણાવેલ કે ''રાજકોટમાં કાર્યક્રમ હોય રજાનો કોઈ દિવસ ન હોય, તેમાંય બપોરનો ક્રમ (સમય)હોય તેવા અનુક્રમે કોઈપણ સભા કરવાનું અકાળે પણ ન વિચારે ત્યારે આજે આટલી વિરાટ જનમેદનીનો 'આવકાર'નો તરવરાટ સાંભાળી-જોતા એવું લાગી રહ્યું છે કે, આજે રાજકોટે રાજકોટનો જ 'વિક્રમ' આવકારના નાદસમા સરવરાટે સર્વાનુક્રમે તોડી નાંખ્યો છે. તેમણે જણાવેલ કે, રાજકોટ મારી રાજકીય કારકિર્દીની પ્રથમ 'પાઠશાળા'છે આ જ 'પાઠ'ના દાયિત્વએ મને પ્રથમ વખત ધારાસભ્ય બનાવી કેન્દ્રમાં શાસકનાં 'સિંહાસન' ઉપર બિરાજવાનો મોકો આપ્યો છે તેને સુશાસનના અનુસાશને ઋણ ચૂકવવાનો ક્રમાનુસાર અચુક પ્રયાસ કરી રહ્યો છું તેનો મને સર્વાનુસાર આનંદ છે. વડાપ્રધાનએ વધુમાં જણાવેલ કે, રાજકોટ ઓટોમોબાઈલ ક્ષેત્રથી વિખ્યાત બનીને વ્યવસાયિક ક્ષેત્રે ધંધા-રોજગારનું 'ગ્રોથ' બન્યું છે, અહીંયા વ્યાપાર, ખાનપાન અને સંસ્કૃતિ વ્યાપક છે માત્ર એકવસ્તુની 'ખપ' હતીઅને તેની માંગ પણ છેલ્લા ઘણા સમયથી હતી કે, આ વિકાસને 'ગ્રેસ' (સુવિકસિત) કરવા માટે એક આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (હવાઈ અડ્ડા)ની જરૂરીયાત રાજકોટીયનો સહિત સૌરાષ્ટ્રના ઔદ્યોગિક ક્ષેત્રો સંકળાયેલા માંધાતાઓથી માંડી આમજનની આ દ્વિધા આજે સંપૂર્ણ સુવિધા સાથે પરિપૂર્ણ થઈ છે, આ રાજકોટ પુરતી જ મર્યાદિત ન રહીને, દેશના અન્ય શહેરો માટે પણ મહત્વની સુવિધાસંપન્ન ઉડાન સાબિત થઈ રહેશે. કારણ કે આજે આ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ લોકાર્પિત થતાં આજથી દુનિયાનાં અન્ય શહેરો માટેની સીધી ફલાઈટની સુવિધા, ઉપરાંત સ્થાનિકથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સંકળાયેલા ઉદ્યોગજગતને વિકાસનાં 'પોર્ટ' તરીકે સપોર્ટીવ બની રહેશે, આજે દેશના ઉદ્યોગકારોથી માંડી નાના અને સીમાંત ખેડૂતો પણ પોતાની સામગ્રી આંતરરાષ્ટ્રીય મંડીઓમાં સરળતાથી વેચી શકશે.

શ્રી મોદીએ મહાનગરપાલિકાની રૂા.૨૬૪,૯૬ કરોડનાં ખર્ચે સૌની યોજના લિંક-૩ પેકેજ-૮ અને રૂા.૧૨૮,૭૧ કરોડના ખર્ચે ''સૌની યોજના લિંક-૩ પેકેજ-૯ સંદર્ભે એકસટેશન ફીડર પાઈપલાઈન થકી આ બંને યોજના સૌરાષ્ટ્રનાં અનેક ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને કૃષિ માટેનુંપિયત અને ગ્રામજનો માટે પીવાનું પાણી પર્યાપ્ત માત્રામાં પ્રાપ્ય બની રહેશે તેમજ ગોવિંદબાગ પાસે રૂા.૮.૨૯કરોડના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક લાઈબ્રેરી કે.કે.વી. ચોક ખાતે નિર્માણ પામેલ મલ્ટીલેવલ ફલાય ઓવર બ્રિજ, લોકો માટે ખુલ્લી મુકી હતી.

વડાપ્રધાનએજણાવેલ કે, કેન્દ્ર સરકાર છેલ્લા ૯ વર્ષમાં સમાજનાં હરએક વર્ગના દરેકનાં જીવનની પ્રાથમિક અને જરૂરી સુખાકારીની જરૂરીયાતને પહોચાડવા હંમેશા પ્રયત્નશીલ રહ્યું છે, તેમણે જણાવેલ કે, અમોએ ગુડ-ગવર્નન્સ (સુ-શાસન)ની 'વોરન્ટી' (પ્રલોભનો) નહીં પણ ગેરેન્ટી આપવાનું કહીને તેને પુર્ણ કરવા માટેની પ્રતિબધ્ધતા પણ ધરાવીએ છીએ. તેમણે જણાવેલ કે, ૨૦૧૪ પહેલા મધ્યમવર્ગીયની એકફરીયાદ 'કનેકટીવિટી'ની હતી જે છેલ્લા ૯ વર્ષમાં અમેઆ દ્વિધાને ફરી 'યાદ' નહીં અપાવવાની આ દુવિધાને સુવિધામાં પરિવર્તિત પ્રદાન કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે જણાવેલ કે, ૨૦૧૪માં 'મેટ્રો નેટવર્ક' માત્ર ૪ શહેરો પુરતું મર્યાદિત હતું જેઆજે આ નેટવર્ક દેશના ૨૦થી વધુ શહેરોમાં 'વર્ક' કરી રહ્યું છે, આજે દેશના ૨૫ વિવિધ રૂટો ઉપર 'વંદે ભારત' જેવી આધુનિક સુવિધા અર્પતી ટ્રેનો આરૂઢ થઈ ગઈ છે.

વડાપ્રધાનએજણાવેલ કે દેશમાં ૨૦૧૪ ૭૦એરપોર્ટ હતાં જયારે આજે આ સંખ્યામાં નોંધપાત્ર વધારા સાથે ૧૪૮ને આંબી ગઈ છે. આજે ભારતની કંપનીઓ લાખો-કરોડો રૂપિયાના વિમાનોનું બુકીંગ કરી રહ્યું છે અને ૧૦૦૦ નવા વિમાનોને ઓર્ડર પણ આપી દીધેલ છે. જે આવનારા સમયગાળામાં આ આંકડામાં પણ વધારો કરવામાં આવશે. આજે દેશમાં સંરક્ષણ ક્ષેત્રે આગવું પ્રદાન રહ્યું છે, ત્યારે આવનારા દિવસોમાં ગુજરાતમાં પણ એરોપ્લેનનાં ઉત્પાદનનું લેડીંગ થશે તે દિવસો હવે દૂર નથી. તેમણે તાજેતરમાં આવેલ એક રીપોર્ટને તાકતા જણાવેલ કે, છેલ્લા પાંચ વર્ષનાં સમયગાળા દરમ્યાન દેશના ૧૩.૫ કરોડ લોકો ગરીબીરેખાની બહાર નીકળી 'નિયો મીડલકલાસ'માં પરિવર્તિત પામ્યા છે. જે એક નવા મધ્યમવર્ગનું વર્ગીકૃત અવાગમન બની રહ્યું છે. આજે દેશમાં ગરીબ-મધ્યમ વર્ગનું પહેલું સપનું 'ઘરનું ઘર' હોય છે તેઓનું આ સપનું સાકાર કરવા માટે આજે સરકાર આવાસો માટે વિશેષ સહાયનો સહેવાસ આપી રહી છે. દેશના ૬ લાખથી વધુ અને ગુજરાતનાં અંદાજીત ૬૦,૦૦૦૦થી વધુ લોકો આ યોજના તળે 'ઘરનું ઘર' પ્રાપ્ત કરી રહ્યાં છે. વડાપ્રધાનએ વિપક્ષને પરિપેક્ષમાં રાખી પરોક્ષરૂપે મોંઘવારીની આડસમાં આડે હાથ લેતા સંક્ષેપમાં જણાવેલ કે, આજકાલ ભ્રષ્ટાચારીઓ અને પરિવારવાદીઓએ પોતાની 'જમાત'નું નામ બદલી નાંખ્યું છે..! ચહેરાઓ જુના છે, પક્ષ અને રીત-ભાત પણ જુની જ છે. જો મધ્યમવર્ગને સસ્તી વસ્તુ મળે તો આ જમાત કહે છે કે, ખેડૂતોને પૂરતા ભાવ મળતા નથી..!? અને જો ખેડૂતોને ઊંચા ભાવ મળે તો મોંઘવારીની આડસમાં ઉભા રહી 'ખોટા'ના ઓઠા તળે 'ખરખરો' કરવાની 'રાજની કુટનીતિ થકી અનિતી નોતરે છે. જો આજે એની સરકાર (શાસન) હોત તો દૂધ રૂા.૩૦૦નું લીટર હોત અનેઅનાજ રૂા.૫૦૦નું કિલો હોત..!!! પરંતુ આ 'જમાત'ની પંગતને અર્થવિહીન આક્ષેપતાની-સમીક્ષા સમાતી નથી...!? આજે અન્ય દેશમાં મોંઘવારીનો રેસીયો ૨૫ થી ૩૦ ટકા છે ત્યારે ભારતમાં મોંઘવારી ઉપર નિયંત્રણ રાખવા માટે તંત્ર પૂરતાં પારદર્શિત પગલા ભરવા પ્રયત્નશીલ છે તેની પરોક્ષ કે નિરપેક્ષરૂપે સહન કરવાની શીલતા ગુમાવી સમયાંતરે અક્ષમતાની 'હિનતા' પ્રતિપ્પાદિત કરવાની ક્ષમતા સેવી રહી છે...!!! તેમણે આધુનિક ભારતના નિર્માણમાં ડિજીટલ ઈન્ડીયા અંગે જણાવેલ કે, આજે બેંક ખાતાથી માંડી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની ખરીદી તમારા એક નાના એવા ડિવાઈસ (મોબાઈલ)ફોનમાં ઉપલબ્ધ બની ગઈ છે. આજે ટેકસ રિટર્ન ફાઈલીંગથી માંડીને રિફંડ સુધીની નાણાંની પ્રક્રિયા ત્વરીત અને સરળ બની છે. જે તમારી રોજીંદી ઉપયોગિતાનું એક માધ્યમ બની ગયું છે. તેમણે અંતમાં સહુનો આભાર વ્યક્ત કરી ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ કે, આજે નરેન્દ્રભાઈ મોદી દિર્ઘદ્રષ્ટિથી 'વિકાસદ્રષ્ટા'નીપ્રતિતિ દર્શિત થઈ રહી છે. તેઓએ પોતાના એઈમ (ધ્યેય) થકી એઈમ્સની સુવિધા પ્રદાન કર્યાબાદ આજે આંતરરાષ્ટ્રીય એરપોર્ટની રાજકોટને સપ્રેમ ભેટઆપતા રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતના વિકાસને વિદેશના દેશો સાથે જોડી વૈશ્વિક ક્ષેત્રે ઉદ્યોગનો માર્ગ મોકળો કરી દેશને વિકસિત રાષ્ટ્રની હરોળમાં જોડવા એક નવી ઉડાન પ્રદાન કરી રહ્યું છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાએ જણાવેલ કે, આજનો દિવસ ખાલી આંતરરાષ્ટ્રીય ઉડાન પૂરતો સીમિત ન રહીને રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાત સાથે ભારતનું આર્થિક-વિકસિત શાસિત કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. જે એક ઐતિહાસિક ક્ષણનું સહવિકસિત કેન્દ્ર બની રહેશે. કારણ કે તેના વિકાસની આધારશીલા કોઈએ લખી છે તેની વૈશ્વિકસ્તરે મોડેલ સાથે સુવિકસિત રાષ્ટ્રના 'સ્વપ્ન'દ્રષ્ટારૂપી 'શીખ' વડાપ્રધાન મોદીના મોડેલશીલથી આલેખાય તે એક ગૌરવની બાબત હોવાનું જણાવ્યું હતું. પ્રાસંગિક રાજયના ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાઠોડે કર્યુ હતું.

આ પ્રસંગે વડાપ્રધાન મોદી સાથે રાજયના ઉડ્ડયન મંત્રી જયોતિરાદિત્ય સિંધિયા, સી.આર. પાટીલ, રાજયના ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત, રાજયના ચીફ સેક્રેટરી રાજકુમાર, રાજય પોલીસવડા વિકાસ સહાય, મહાનગરપાલિકા તેમજ એરપોર્ટ ઓથોરીટીના ડિરેકટરઓ, અધિકારઓ, સાંસદસભ્યોઓ, ધારાસભ્યઓ, મહાનુભાવો અને કલેકટર પ્રભવ જોશી સહિતના વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

વિકાસકાર્યોના લોકાર્પણ પ્રસંગેમુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદ સી. આર. પાટીલના હસ્તે વિમાનની પ્રતિકૃતિ દ્વારા વડાપ્રધાનનુંસ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે જ નાગરિક ઉડ્ડયન મંત્રી જયોતિરાદિત્ય સિંધિયા દ્વારા તથા પૂર્વમુખ્યમંત્રી વિજયરૂપાણી અને પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા દ્વારા પણ ઈમિટેશનથી શણગારેલા વિમાનો દ્વારા વડાપ્રધાનનુંઅભિવાદન કરાયુંહતું.

આ પ્રસંગે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, મહિલા-બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, મેયર પ્રદીપભાઈ ડવ, જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર, સાંસદ મોહનભાઈ કુંડારિયા, રમેશભાઈ ધડુક, રામભાઈ મોકરીયા, વિનોદ ચાવડા, કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ગીતાબા જાડેજા, જયેશભાઈ રાદડિયા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી, શામજીભાઈ ચૌહાણ, સૌની યોજનાના સચિવ કે.એ.પટેલ, રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર ધીમંત વ્યાસ, અગ્રણીઓ મુકેશભાઈ દોશી, ભરતભાઈ બોઘરા વગેરે પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અધિકમાસ નિમિત્તે દ્વારકાધીશ જગતમંદિરમાં રામનવમી પર્વની ભવ્ય ઉજવણી કરાઈ



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૮

પુરષોત્તમ માસ દરમ્યાન દ્વારકાધીશ મંદિરમાં ઊજવાતા ઉત્સવ પૈકી ભગવાન વિષ્ણુજીના જ સ્વરૂપ એવા મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ઠાકોરજીને ભગવાન શ્રીરામ જેવો અલભ્ય શ્રૃંગાર કરવામાં આવ્યો હતો જેના દર્શન મનોરથનો હજારો ભાવિકોએ લાભ લીધો હતો. દ્વારકાધીશના ત્રૈલોક્યસુંદર મંદિરમાં રામલલ્લાના જન્મોત્સવને વધાવવા ષોડશોપચાર વિધિથી મંત્રોચ્ચાર અને અભિષેક પૂજન સાથે કાળિયા ઠાકોરને શંખ, ચક્ર, ગદા, પદ્મ સાથે ભગવાન શ્રીરામ જેમ ધનુષ્ય બાણ તેમજ સિલ્કના પીતામ્બર અને કિરીટ મુગુટ ધારણ કરાવી શ્રી રામસ્વરૂપનો શ્રૃંગાર મનોરથ યોજવામાં આવ્યો હતો. બપોરે ૧૨ કલાકે શ્રીરામના જન્મસમયે દ્વારકાધીશની વિશિષ્ટ ઉત્સવઆરતી કરવામાં આવી હતી. રામલલ્લાના જન્મ બાદ પૂજારીપરિવાર નિજમંદિરમાં હર્ષોલ્લાસ સાથે નાચી જન્મોત્સવને વધાવ્યો હતો. જગતમંદિરમાં રામ જન્મોત્સવનિમિત્તે ભાવિકોમાં પંજરી સહિત પ્રસાદનું વિતરણ કરાયું હતું.

# પાકિસ્તાનનાં કરાંચીમાં વિશ્વનું સૌથી મોટું ડ્રગ્સ અને સેક્સ સ્કેન્ડલ બહાર આવ્યું : ૫૫૦૦ વિદ્યાર્થિનીના અશ્લીલ વીડિયો

## છાત્રાઓને ડ્રગ્સ આપી તેમના અશ્લીલ વીડિયો બનાવવામાં આવ્યાં અત્યાર સુધી ૩ લોકોની ધરપકડ

કરાંચી, તા.૨૮

પાકિસ્તાનમાં સૌથી મોટો સેક્સસ્કેંડલસામે આવ્યો છે. આ દુનિયાનો સૌથી મોટો સેક્સ સ્કેંડલ માનવામાં આવી રહ્યો છે જેમાં કૉલેજની ૫૫૦૦ છાત્રાઓનાં અશ્લીલ વીડિયો મળી આવ્યાં છે. ચોંકાવનારી વાત તો એ છે કે પોલીસ અનુસાર આ છાત્રાઓને સુરક્ષિત રાખવાની જવાબદારી તેમની નથી. પાકિસ્તાનનો આ મામલો દુનિયાભરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

સ્કેંડલ સંબંધિત અનેક અલગ-અલગ વીડિયો સામે આવ્યાં છે તેમાંથી એક વીડિયોમાં કારની ડિક્કીથી એક છોકરી નિકળીને એક ઘરમાં જતી નજરે પડે છે. આ છોકરીને એક વ્યક્તિ લઈને આવે છે અને ઘટનાનો વીડિયોબનાવી લેવામાં આવે છે. આ પીડિતા એવી હજારો છોકરીઓમાંની એક છે જેમને પહેલાં ડ્રગ્સ આપવામાં આવે છે અનેપછી તેમના અશ્લીલ વીડિયો બનાવીને બ્લેકમેઈલ કરવામાં આવે છે.

આ મામલો પાકિસ્તાનની ઈસ્લામિયા યૂનિવર્સિટી બહાવલપુરનો છે જે પોલીસ અનુસાર નશીલી દવાઓ અને યૌનશોષણનો અડ્ડો બની ચૂકી છે. તપાસમાં આરોપીઓનાં મોબાઈલમાંથી અનેક પુરાવાઓ મળ્યાં છે જેમાં અશ્લીલ વીડિયોની સાથે વોટ્સએપ ચેટ્સ મળી આવી છે જેનાથી સાબિત થાય છે કે આ ગંદી રમત વર્ષોથી ચાલી રહી છે. એજાઝ હુસૈન નામક વ્યકતિ આ સમગ્ર સ્કેંડલનો મુખ્ય આરોપી છે જેની ગેંગ હજારો છોકરીઓનાં અશ્લીલ વીડિયો બનાવી તેમનું શોષણ કરી રહી છે. પોલીસને આટલા મોટા સેક્સ સ્કેંડલ વિશે અબૂ બકરની ધરપકડ બાદ જાણકારી મળી હતી જે ઈસ્લામિયા યૂનિવર્સિટી બહાવલપુરનાં ડાયરેક્ટર ફાઈનેંસ છે અને તે ૨૮ જૂનનાં એક યુવતી સાથે શંકાસ્પદ હાલતમાં ઝડપાયો હતો. તપાસમાં તેની પાસેથી ૧૦ ગ્રામ ચરસ પણ મળી આવ્યું હતું. તેના મોબાઈલમાં હજારો અશ્લીલ વીડિયો મળી આવ્યાં હતાં જેની મદદથી તે કોલેજની વિદ્યાર્થીનીઓનું શોષણ કરી રહ્યો હતો. આ બાદ રિટાયર્ડ મેજર એજાઝ હુસૈનને પકડવામાં આવ્યું જે કોલેજનો સિકયોરિટી ઓફિસર છે.

# ૧ ઓગસ્ટથી ત્રણ નિયમો બદલાઈ જશે

નવી દિલ્હી, તા. ૨૮

દરેક નવા મહિનાની શરૂઆત સાથે જ અમુક પરિવર્તન પણ થાય છે. ઓગસ્ટમાં પણ અમુક આવા જ પરિવર્તન થવાના છે, જેની આપણા ખિસ્સા અને માસિક બજેટ ઉપર સીધી અસર પડશે. જુલાઈનો મહિનો પૂરો થવાનો છે. ચાર દિવસ બાદ ઓગસ્ટ મહિનો શરૂ થવાનો છે. ૧ ઓગસ્ટથી રૂપિયા સંબંધિત કેટલાક નિયમોમાં પરિવર્તન થવાનું છે. જેની સીધી અસર તમારા ખિસ્સા પર પડવાની છે.

સરકાર તરફથી દર મહિનાની શરૂઆતમાં LPGના ભાવ નક્કી કરવામાં આવે છે. સરકારી ઓયલ કંપનીઓ એલપીજી સિલિન્ડરની સાથે-સાથે કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં પણ પરિવર્તન કરી શકે છે. આ કંપનીઓ દર મહિનાની ૧ અને ૧૬ તારીખે એલપીજીની કિંમતમાં પરિવર્તન કરે છે. આ સિવાય પાઈપ્સ નેચરલ ગેસ અને કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ ની કિંમતમાં પણ પરિવર્તન થઈ શકે છે.

આગામી મહિને ઘણા તહેવાર આવી રહ્યા છે. ઓગસ્ટ મહિનામાં બેંકોમાં રજાઓ ખૂબ જ છે. રક્ષાબંધન, મોહરમ અને ઘણા અન્ય તહેવારોના કારણે અલગ-અલગ રાજયોમાં બેંક કુલ ૧૪ દિવસ બંધ રહેશે. સાથે જ શનિવાર અને રવિવારની રજાઓ પણ સામેલ છે. તમે રિઝર્વ બેક્નની સત્તાવાર વેબસાઈટ પર જઈને બેંક રજાઓની યાદીનેચેક કરી શકાય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઈનકમ ટેક્સરિટર્ન દાખલ કરવાની અંતિમ તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૩ છે. આ અંતિમ તારીખ તે ટેક્સપેયર્સ માટે છે જેમણે પોતાના એકાઉન્ટને ઓડિટ કરાવ્યુ નથી. જો તમે આ તારીખ સુધી આઈટીઆર ફાઈલ નહીં કરો તો તમારે દંડ ભરવો પડી શકે છે. ટેક્સપેયર્સે મોડેથી આઈટીઆર ફાઈલ કરવા પર ૧,૦૦૦ રૂપિયા અને ૫,૦૦૦ રૂપિયાનો દંડ આપવો પડી શકે છે.

# મહાનગરમાં ભારે વરસાદથી હાલ બેહાલ : જનજીવન ઠપ્પ

મુંબઈ તા. ૨૮ : મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે હાલત ખરાબ છે, મુંબઈમાં પણ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુંબઈ અને આસપાસના અનેક વિસ્તારોમાં ૨-૩ ફૂટ સુધી પાણી ભરાયા છે. મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં સતત વરસાદને કારણે હાલત ખરાબ છે, ઘણી જગ્યાએ પાણી ભરાઈ જવાની સ્થિતિ છે. દરમિયાન, હવામાન વિભાગે આજે (ગુરુવાર) બપોર સુધી ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યુંછે. IMDના એલર્ટને ધ્યાનમાં રાખીને BMCએ તમામ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરી છે. તેમજ મુંબઈના લોકોને સાવચેતી રાખવા અપીલ કરી છે.

# ખંભાળિયાના અગ્રણી વેપારી સાયાણી પરિવાર દ્વારા રવિવારે જગત મંદિરે નૂતન ધ્વજારોહણ કાર્યક્રમ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયાના જાણીતા વેપારી ભરતભાઈ (ફાલ્ગુનભાઈ) શાંતિલાલ સાયાણી પરિવાર દ્વારા વિશ્વવિખ્યાત જગત મંદિર શ્રી દ્વારકાધીશજીના મંદિર ખાતે આગામી રવિવાર તારીખ ૩૦ જુલાઈના રોજ નૂતન ધ્વજારોહણના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રવિવારે સાંજે ચાર વાગ્યે ધ્વજા પૂજન, પાંચ વાગ્યે શોભાયાત્રા તેમજ સાંજે છ વાગ્યે જગત મંદિરના શિખર ઉપર નૂતન ધ્વજારોહણ કરવામાં આવશે. આ સાથે રાત્રે દ્વારકામાં લોહાણા મહાજન વાડી ખાતે સમૂહ પ્રસાદ સહિતના વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે. જેમાં સહભાગી થવા નિમંત્રિતોને સાયાણી પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# જૂનાગઢમાં રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ ૨૦૨૩ યોજાશે

## ૧૦ થી ૧૭ વર્ષની ઉંમર ધરાવતા બાળકો તા.૫ ઓગષ્ટ સુધીમાં અરજી કરવી

જૂનાગઢ,તા.૨૮

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડિ.એસ.ટી. ગુજરાત સરકાર , જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, પ્રાથમીક જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી જૂનાગઢ તથા બ્રહ્મચારી ભગવતી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બ્રહ્માનંદજીજિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ સંયુકત દ્વારા રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ ૨૦૨૩નું આયોજન કરવા માં આવેલ છે. જે ભારત સરકારના વિજ્ઞાનઅને ટેકનોલોજી મંત્રાયલ અંતર્ગત સમગ્ર ભારતમાં છેલ્લા ૩૧ વર્ષથી આ કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલછે. આ પ્રોજેક્ટ થીમ બેઈઝ હોવાથી આ વર્ષની મુખ્ય થીમ આરોગ્ય અને સુખાકારી માટે ઈકોસિસ્ટમની સમજણ રાખવામાં આવેલ છે. આ પ્રોજેકટમાં બાળકો વધુનેવધુ ભાગ લે તેવા હેતુથી બાળકોને વિજ્ઞાન વિષેની વિશેષ માહિતી એકઠી કરી પોતાનીઆસપાસમાં ઉદભવતી સમસ્યાઓનું જ્ઞાન મેળવે અને રૂઢીગત જ્ઞાનતંત્ર સુધારવા તથા જ્ઞાનમાં વધારો કરવા આ પ્રોજેકટ કરવામાંઆવે છે. શિક્ષકો તથા વાલીઓ પણ પોતાના બાળકોને ગાઈડ કરી આ પ્રોજેક્ટ સંશોધન કરાવી શકે છે. જેમાં બાળકોની ઉંમર ૧૦થી ૧૭ વર્ષ હોઈ તે આ પ્રોજેકટમાં જોડાઈ શકે છે. આ સ્પર્ધા સપ્ટેમ્બર માસમાં અથવા ઓકટોબરમાં જિલ્લામાં યોજાશે.

આ સ્પર્ધામાં ત્રણ તબક્કામાં યોજાશે. આ પ્રોજેકટનું મહત્વ સમજી આપના બાળકો, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સારા ભવિષ્ય તરફ લઈ જશે તેવા હેતુથી સરકાર દ્વારા આ પ્રોજેક્ટ મુક્વામાંઆવેલ છે અને હાલ તેનું રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવેલ છે. જેની છેલ્લી તા.૫ ઓગષ્ટ છે જેની લીંક https://forms.gle/j6ZtUgNgAUgL5vFU8 આ પ્રોગ્રામમાં જૂનાગઢ તથા જૂનાગઢ જિલ્લા માંથી વધુને વધુ વિદ્યાર્થીઓ જોડાઈ તેવી આશાઓ રાખવામાં આવેલ છે તેવી લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરાએ અખબારી યાદીમાં જણાવેલ છે. વધુ માહિતી માટે શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, વંથલી રોડ, બીલનાથ મંદિર પાસે જૂનાગઢનો સંપર્ક કરવો જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લાની જર્જરિત સરકારી કચેરીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા સૂચના આપતા કલેક્ટર

## અરજદારો અને અધિકારી -કર્મચારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જર્જરીત સરકારી મકાનો તથા કચેરીઓથી કોઈ દુર્ઘટના ન બને ઉપરાંત અરજદારો અને અધિકારી - કર્મચારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ મકાનો- કચેરીઓની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં તારીખ ૨૬/૭/૨૦૨૩ એ મળેલી બેઠકમા હાલમાં સરકારી કચેરીઓને ફાળવેલ જગ્યાનો ઓછો ઉપયોગકરતી ઓફિસો અથવા આ ઓફિસમાં ખાલી જગ્યાઓ તપાસવા માટે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે જણાવ્યું હતું. જર્જરિત સરકારી કચેરીઓની વૈકલ્પિક વ્યવસ્થાઓ માટે સંબંધિત વિભાગના અધિકારી માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સાથે સંકલન કરશે અને ઉપલબ્ધ જગ્યાઓ તપાસશે. આમ, તપાસના અંતે જો કોઈ જગ્યા ઉપલબ્ધ ન હોય તો માર્ગ અને મકાન વિભાગ ભાડું નક્કી કરશે અને સરકારી કચેરીઓને સુરક્ષિત જગ્યાએ સ્થળાંતરિત કરવામાં આવશે. આમ, જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા દ્વારા સરકારી કચેરીઓની મુલાકાત લેતા અરજદારો તથા અધિકારીઓ- કર્મચારીઓ અને જાહેર જનતાની સુરક્ષા માટે જરૂરી હુકમો જારી કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર ટોચની પ્રાથમિકતા સાથે આ બાબતે જરૂરી કાર્યવાહી કરી રહ્યું છે.

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને જર્જરિત સરકારી કચેરીના વડાઓને દુર્ઘટના ન ઘટે અને સુરક્ષાના ભાગરૂપે વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવા માટે જણાવ્યું છે. ઉપરાંત સરકારી કચેરીઓને વૈકલ્પિક રીતે બેસવાની વ્યવસ્થા માટે ખાનગી મકાનમાં જરૂરિયાત મુજબ અને સરકારના ધારા ધોરણ મુજબ ભાડેથી રાખવા પણ જણાવ્યું હતું. વધુમાં અન્ય સરકારી ખાલી બિલ્ડિંગમાં પણ સરકારી કચેરીઓને સ્થળાંતરિત કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. હાલ ચોમાસાની ઋતુમાં અતિભારે વરસાદને પગલે જર્જરિત મકાનો- સરકારી કચેરીઓમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે અગમચેતીના ભાગરૂપે જરૂરી તમામ પગલાં તંત્ર દ્વારા લેવામાં આવી રહ્યા છે.

# જૂનાગઢ કૃષિ યુનિ.ના ૧૦ વિદ્યાર્થીઓ બે મહિના સુધી વેસ્ટર્ન સિડની યુનિવર્સીટી, ઓસ્ટ્રેલીયામાં આંતરરાષ્ટ્રીય તાલીમ મેળવશે

## યુનિવર્સિટી દ્વારા આંતરરાષ્ટ્રીય તાલીમ અર્થે જનાર વિદ્યાર્થીઓ માટે પ્રિ-ડિપાર્ચર અને સેન્ડ ઓફ સેરેમની યોજાઈ : તાલીમ નો સંપૂર્ણ ખર્ચ રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી., આઈ. સી.એ.આર., ન્યુ દિલ્લી અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી ભોગવશે



જૂનાગઢ,તા.૨૮

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય દ્વારા રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી., આઈ. સી.એ.આર. અંતર્ગત કુલ ૧૦ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય તાલીમ અર્થે વેસ્ટર્ન સિડની યુનિવર્સીટી, ઓસ્ટ્રેલીયા ખાતે તા. ૨૮ જુલાઈ ૨૦૨૩થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩ એમ બે મહિના માટે મોકલવામાં આવનાર છે. આંતરરાષ્ટ્રીય તાલીમનો સંપૂર્ણ ખર્ચ રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી., આઈ. સી.એઆર., ન્યુ દિલ્લી અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા થનાર છે. આંતરરાષ્ટ્રીય તાલીમમાં જનાર વિદ્યાર્થીઓ માટે પ્રિ-ડિપાર્ચર અને સેન્ડ ઓફ સેરેમનીકોન્ફરન્સહોલ,જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીખાતે યોજાઈ હતી.

આ પ્રિ-ડિપાર્ચર અને સેન્ડ ઓફ સેરેમનીનું આયોજન જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. વી.પી.ચોવટિયાની પ્રેરણા, ડો.આર. બી.માદરીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના સંશોધન નિયામકશ્રી તેમજ આઈ.ડી.પી. યોજનાના પી.આઈના માર્ગદર્શન હેઠળ તેમજ કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન અને કો-પી.આઈ. આઈ.ડી.પી., ડો. એન. કે. ગોંટીયાના પ્રોત્સાહન હેઠળ થયેલ હતું.

આ કાર્યક્રમમાં જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલસચિવશ્રી અને કો-પી.આઈ. આઈ. ડી. પી. ડો.પી. એમ. ચૌહાણ અને કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન અને કો-પી.આઈ. આઈ.ડી. પી., ડો. એન. કે. ગોંટીયા એ પ્રાસંગિક સંબોધનમાં સર્વે વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય તાલીમમાટે જરૂરી શિસ્ત તમેજ વિદેશમાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું સાથે સાથે વિદ્યાર્થીઓને વેસ્ટર્ન સિડની યુનિવર્સીટી, ઓસ્ટ્રેલીયાના નીતિ નિયમોને પાળવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ડો. આર.બી.માદરીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના સંશોધન નિયામક તેમજ આઈ. ડી. પી. યોજનાના પી.આઈ. એ પ્રાસંગિક ઉદબોધનમાં જુનાગઢ કૃષિ યુનિવર્સીટી માં ચાલી રહેલ રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ. ડી. પી. અંતર્ગત થયેલ વિવિધ પ્રવુતીઓનું વિગતવાર માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને વેસ્ટર્ન સિડની યુનિવર્સીટી, ઓસ્ટ્રેલીયા ખાતે આંતરરાષ્ટ્રીય તાલીમ મેળવી અને ખેડૂતો માટે ઉપયોગી આધુનિક તકનીકોને વિકસીત કરવાના ભગીરથ પ્રયત્નમાં જોડાવવા વિદ્યાર્થીઓને આહવાહન કર્યુ હતુ.

આ કાર્યક્રમ માં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. વી.પી.ચોવટિયાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવેલ કે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ. ડી.પી., આઈ. સી. એ. આર. અંતર્ગત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યાર સુધીમાં ૫૭ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય તાલીમ માટે અમેરિકા, તાઈવાન, દુબઈ, ઈઝરાઈલ, થાઈલેન્ડ વિગેરે દેશોમાં વિશ્વની જુદી જુદી ખ્યાતનામ સંસ્થાઓમાં મોકલેલ અને આ વખતે એક સાથે ૧૦ વિદ્યાર્થીઓને વેસ્ટર્ન સિડની યુનિવર્સીટી, ઓસ્ટ્રેલીયા મોકલી રહેલ છે. આ કાર્યક્રમમાં ખાસ આમંત્રિત તરીકે કુલસચિવશ્રી અને કો-પી.આઈ. આઈ.ડી.પી., ડો. પી. એમ. ચૌહાણ તેમજ સહ સંશોધન નિયામકશ્રી ડો. પી. મોહનોત, ડો. એચ. ડી. રાંક, પ્રાધ્યાપક અને વડા, જમીન અને જળ ઈજનેરી વિભાગ, ડો. એમ. એન. ડાભી, પ્રાધ્યાપક અને વડા, પ્રોસેસીંગ અને ફૂડ ઈજનેરી વિભાગ, ડો. વી. કે. તિવારી, પ્રાધ્યાપક અને વડા, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ, ડો. કે. સી. પટેલ. ડાયરેક્ટર આઈ. ટી., પ્રો. જી. ડી. ગોહિલ, કન્વીનર આઈ. ડી. પી. સેલ, કૃ.ઈ.ટે.કો., જુ.કૃ.યુ. , આરએ.સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

# જૂનાગઢ જીલ્લામાં યોજાયેલ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ૧૮૦૦૦ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ માર્ગદર્શન મેળવ્યું



જૂનાગઢ, તા.૨૮

તા. ૨૫ જુલાઈના રોજ જૂનાગઢ જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ બાયસેગ તથા વંદે ગુજરાત ચેનલ મારફત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું જીવંત પ્રસારણ જિલ્લાની ગ્રામ પંચાયત ખાતે ઈ ગ્રામ સેન્ટર, પ્રાથમિક શાળા, ખેડૂત તાલીમ કેન્દ્ર તથા ખેડૂતો દ્વારા YouTube તથા Facebook linkથી નિહાળવા માં આવ્યું હતું. જેમાં રાજ્યપાલ દ્વારા પ્રાકૃતિક કૃષિ વિષય ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેમાં જિલ્લાના ખેડૂતો, શિક્ષકો અને મહિલા ખેડૂતો અને અધિકારી અને કર્મચારીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ હતો જેમાં જૂનાગઢ જિલ્લામાંથી ૧૮૦૦૦ જેટલા ખેડૂતો એ પ્રાકૃતિક કૃષિ માર્ગદર્શન મેળવેલ હતું.

# સુત્રાપાડા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા સમગ્ર તાલુકામાં આશરે ૨૦૦૦ લોકોને કીટ વિતરણ કરાઈ




(ભોળા જાદવ દ્વારા) લોઢવા, તા, ૨૭

ગીર સોમનાથ જિલ્લામાં અતિ ભારે વરસાદને લઈને સુત્રાપાડા સહિત સમગ્ર તાલુકાના ગામડાઓમાં વરસાદી પાણી ભરાવાના દ્રશ્ય જોવા મળી રહ્યા હતા. ત્યારે ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા સહિત સમગ્ર તાલુકાની વાત કરીએ તો સુત્રાપાડા શહેરમાં તથા સૂત્રાપાડા તાલૂકાના ઘરોમાં પાણી ઘુસવાના દ્રશ્ય સામે આવ્યા હતા ત્યારે હર હંમેશા ગમે તેવી આફત આવતી હોય ત્યારે વાવાઝોડું હોય કે વરસાદ હોય અથવા અન્ય કોઈ ખરાબ પરિસ્થિતિ હોય ઈન્ડિયન રેસ ક્રોસ સોસાયટી હંમેશા લોકોને દ્વાર પહોંચી જાય છે.

એવીજ રીતે ઈન્ડિયન રેસકોસ સોસાયટી સુત્રાપાડા ખાતે ગુજરાત શાખાના પ્રમુખ અજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સુત્રાપાડા તાલુકાના ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના પ્રમુખ અજયભાઈ બારડ સાથે તેમની સમગ્ર ટીમ દ્વારા સુત્રાપાડા સહિત તાલુકાના ૨૫ ગામોમા અસરગ્રસ્ત લોકોને આશરે ૨૦૦૦ થી વધુ કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટમાં એક ફાનસ, હાઈજીન કીટ, કિચન કીટ અને એક તાલપત્રી જેવી જરૂરી સામગ્રી આપવામાં આવી હતી. આ પ્રસંગે મહેન્દ્રભાઈ પીઠીયા ગીર સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ, બસુભાઈ વાજા ગીર સોમનાથ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ, દિલીપભાઈ બારડ, મહામંત્રી જિલ્લા ભાજપ ઈન્ડિયન રેડક્રોશ સુત્રાપાડા તાલુકા શાખાના ચેરમેન અજયભાઈ બારડ, દીપકભાઈ કાછેલા, શહેર ભાજપ પ્રમુખ સુત્રાપાડા નગરપાલિકા સભ્યશ્રીઓ કાળાભાઈ બારડ, રમેશભાઈ વડાગર, અરશીભાઈ બારડ, કૈલાશભાઈ રામ, રામભાઈ વણવી, હરેશભાઈ મોરી, પત્રકાર મિત્રો રાકેશભાઈ આહીર, પરેશભાઈ જાદવ, અર્જુનભાઈ વાળા, ભરતભાઈ જાદવ, વજુભાઈ બારડ, ચેતનભાઈ અપારનાથી , વિશાલભાઈ તંબોલી હાજર રહ્યા અને અસરગ્રસ્ત લોકોને જીવન જરૂરિયાતનો સમાન વિતરણ કરવામાં આવ્યો હતો.

# સોમનાથ -વેરાવળ બ્રહ્મસમાજ લગ્ન સંસ્થાએ અનોખી ઢબનું જીવનસાથી પસંદગી પુસ્તક પ્રકાશિત કર્યુ




(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૭

સોમનાથ-વેરાવળ બ્રહ્મસમાજ લગ્ન સંસ્થા પ્રતિવર્ષ જીવનસાથી પસંદગી સમારોહ યોજે છે અને તેના અનુસંધાને જીવનસાથી પસંદગી પુસ્તક પ્રકાશન પણ કરે છે. અન્ય પ્રકાશનો કરતા બ્રહ્મસમાજ લગ્ન સંસ્થા ચેરમેન ભાસ્કરભાઈ જોષીએ આ પુસ્તકમાં અનોખી ઢબ દાખવી છે. માત્ર લગ્નોઉત્સુક યુવક-યુવિતઓના ફોટા-પરીચય જ નહીં પરંતુ બ્રહ્મ સમાજમાં થયેલ મહાન વિભૂતિઓની જીવન ઝાંખી વિશીષ્ટતા છે જેમાં ૨૦૩ જેટલા ચરિત્રો જેવા કે, ઋષી યાજ્ઞવલ્કય, અત્રિ, વશિષ્ટ, સાંદીપની આયુર્વેદાચાર્ય ભગવાન ધન્વંતરી, સંગીત સમ્રાટ તાનસેન, બૈજુ બાવરા, પૂર્વ વડાપ્રધાનનો, પૂર્વ મુખ્યમંત્રીઓ, રમત જગત દિગ્ગજો, ફિલ્મ અભિનેતાઓ, અભિનેત્રીઓ, સંગીતકારો, ગીત લેખકોનો પરીચય ગાગરમાં સાગરની જેમ સમાવાયો છે. સંસ્કાર સિંચન- જીવન ઉજજવળ આગળ વધારવા પ્રેરણા મળે અને આપણા વૈભવી વારસાથી પરીચીત થાય તેવો આમા ઉદેશ છે. તેમ ભાસ્કરભાઈ જોષી કરે છે. મહત્તમ સુવિચારો- જીવન મૃત્યુ શાસ્ત્રોકત વિશ્લેષણ પણ દર્શાવાયું છે. ૭૫૦ જેટલા યુવક-યુવતિઓના બાયોડેટાતો પ્રકાશીત થયા જ છે અને કુલ ૩૬૦ પાનાના આ પુસ્તાકના મુખપ્રૃષ્ટ ઉપર શિવવિવાહનું મંગળ દ્રશ્ય દર્શાવી લગ્નોત્સુક યુવક-યુવતિઓન ઉજજવળ જીવનનો સંદેશો આપવા સુંદર મુદ્રણ આર્કષક લે આઉટથી ભરપુર પ્રયાસ કરાયો છે. જે નવરાશની પળોમાં કાયમી રેફરન્સ તરીકે વાંચી પણ શકાય છે.

# ઉના નગરપાલિકાની સામાન્ય સભા મળી



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૮

ઉના નગરપાલીકાની સામાન્ય સભા નગરપાલીકાના પ્રમુખ જલ્પાબેન બાભણીયાના અધ્યક્ષ સ્થાને નગરપાલીકા સભાખંડમાં મળેલ હતી. જેમાં તાજેતરમાં અવસાન પામેલ ઉના નગરપાલીકાના કર્મચારી સ્વ. અરજણભાઈ પાચાભાઈ બાભણીયા તથા સ્વ અરજણભાઈ નાનુભાઈ બાભણીયા શ્રધ્ધાંજલી અર્પણ કરતા બે મીનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. ત્યારબાદ આ સભામાં નગરપાલીકાના ચીફ ઓફિસર તરીકે નવા વરાયેલા એન.એમ. ચૌહાણનું ધારાસભ્ય કાળુભાઈ રાઠોડતથા જલ્પાબેન બાભણીયા અને ઉપસ્થિત નગરપાલીકાના તમામ સદસ્યોએ ગુલદસ્તા અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યુંહતું. આ સામાન્ય સભામાં શહેરના વિકાસ કામો અંગે ચર્ચા વિચારણાઓ કરી આ કામો અંગેના ઠરાવોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. તેમજ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે તેમના ખાસ વક્તવ્યમાં ઉના શહેરમાં કયાય પણ વરસાદી પાણી લાબો સમય ભરાય નહી તેવા આયોજન માટે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. આ સામાન્ય સભામાં નગરપાલીકાના ભાજપાના ૩૬ સદસ્યો પૈકી ૩૨ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# નવી બ્રાન્ડ ઓળખ સાથે વેલસ્પન તેની અમર્યાદિત શક્યતાઓની શક્તિ વધારી રહી છે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૮

વેલસ્પન, ભારતની સૌથી ઝડપથી વિકસતી એક વૈશ્વિક જૂથની કંપની તેની નવી બ્રાન્ડ ઓળખની રજૂઆત કરે છે. આ નવી બ્રાન્ડ ઓળખએ વેલસ્પનની સાહસિક, વિસ્તરણ તથા વૃદ્ધિના હોલમાર્કની વાર્તાને ઓળખી અને તેને આગળ વધારવા માટે તૈયાર કરવામાં આવી છે, જેનાથી તેના આગળના વ્યૂહાત્મક પગલાને આધારે તેમના માટે તક, મૂલ્ય અને અનુભવને એક આગળ સ્તરની તકોમાં મદદ મળશે. નવા સિમ્બોલનું નામ ‘ધ એકસપોનન્ટ’ છે, જે ઈતિહાસ અને ભવિષ્ય બંનેના સંકેત સ્વરૂપ આધુનિક શબ્દચિન્હના અંતે, એલિવેટેડ ડિગ્રી તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ બ્રાન્ડ તેની હેઠળ વર્ષોથી વ્યાપક પ્રોડકટ પોર્ટફોલિયો ધરાવે છે, જેમાં તેના નોંધપાત્ર ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક વૃદ્ધિને તેને ‘વેલસ્પન વિશ્વ’ એવું નામ આપવામાં આવ્યું છે.

બ્રાન્ડના હાઈ પ્રોફાઈલ સેટ-અપ વિશે વેલસ્પન જૂથના ચેરમેન બી. કે, ગોએન્કા જણાવે છે, ‘સતત વિકસતા બિઝનેસમાં વેલસ્પનએ જાણે છે કે, પ્રચંડ વૃદ્ધિ માટે તમારે એક ઈરાદાથી આગળ વધવું પડે છે. સાચો વિકાસ તો, આમૂલ પરિવર્તન વાદીતકોમાંથી જ ઉભરી આવે છે, જે વ્યકિતને સમર્થ બનાવે છે, વિકાસશીલ પ્રયત્નોને પ્રોત્સાહિત કરે છે અને પૃથ્વીને ટકાઉ બનાવે છે. તે ફકત ચોક્કસાઈપૂર્વક કામને અમલમાં મૂકવાથી જ નહીં, પરંતુ પહેલ કરવાથી થાય છે અને આગળ જતા એક નવો બદલાવ લાવે છે. અમે અનુભવ્યુંછે કે, અમારી બ્રાન્ડનું સેટ-અપ એટલું અધિકૃત હોવું જોઈએ કે, જે અમારા લોકો, બિઝનેસ અને સમુદાય ઉપર શક્તિશાળી પ્રભાવ પાડી શકે. ભૂતકાળમાં પરિવર્તનકારી સિદ્ધિઓની વેલસ્પનની હિંમતભરી યાત્રામાં અમારો આ મુખ્ય આધાર છે તથા તેની અમર્યાદિત તકોને સ્વિકારવા માટે એક દ્રઢ સમર્પણ પણ છે. આ જ ભાવનાથી માર્ગદર્શન મેળવીને કંપની પણ પૂરા દિલથી નવા પરિવર્તનને સ્વિકારી રહી છે તથા નિર્ભયપણે આગળ વધીને આગામી સમયમાં આવતા પડકારોને જીતવા માટે પણ તૈયાર છે.’

નવો લોગોમાં એક ડબલટીક સિમ્બોલ પણ દર્શાવ્યો છે, જે “યોગ્યતાથી કામ કરવા” અને “યોગ્ય કામ કરવા”માટે કંપનીનું સમર્પણ દર્શાવે છે.તે વેલસ્પનના પ્રચંડ વિકાસ, શ્રેષ્ઠતાની નિરંતર શોધ, કૌશલ્યની માટેની અવિરત ડ્રાઈવ, અદ્યતન ટેકનોલોજી અને પ્રતિભાનો લાભ લેવા જેવી બાબતોને રજૂ કરે છે. આ લોગોમાં વેલસ્પનની એવી તાકાતને રજૂ કરવામાં આવી છે, જે લોકો, વ્યવસાયો માટે સકારાત્મક પરિવર્તનની શક્તિ આપે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ઓટીટી પ્લેટ ફોર્મ ઉપર દેખાડાતી અશ્લિલતા ભારતીય સંસ્કૃતિ વિરૂધ્ધ છે

ઓવર ધ ટોપ એટલે કે ઓટીટી પ્લેટફોર્મ્સ પર દેખાતી સામગ્રીના વિનિયમનને લઈને જે ત્રિસ્તરીય વ્યવસ્થા બનાવવામાં આવી હતી, તેના પરિણામ સંતોષજનક નથી દેખાતી. તેનાથી ના તો અશ્લીલતા અટકી રહી છે કે ના વિવાદિત પ્રસંગ. સરકાર તરફથી ઓટીટી પ્લેટફોર્મ્સને સતત પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. તેમને સરકારી સમારોહોમાં ભાગીદાર બનાવાઇ રહ્યા હતા. સ્વાધીનતાના અમૃત મહોત્સવથી લઈને ગોવામાં આયોજિત થનારા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ સુધીમાં તેમની ભાગીદારીના રસ્તા ખોલાઈ રહ્યા હતા. આ વર્ષ તો ફિલ્મ ફેસ્ટિવલમાં ઓટીટી માટે પુરસ્કારની ઘોષણા પણ કરવામાં આવી છે. બીજી તરફ આ પ્લેટફોર્મ્સ પર દેખાડવામાં આવતી સામગ્રીને લઈને ફરિયાદો પણ વધતી જતી હતી. ઓટીટી પ્લેટફોર્મ્સની સામગ્રીઓના સેન્સર માટે એક સંસ્થા બનાવવા પર નિરંતર ચર્ચા થઈ રહી છે. લોકોને લાગે છે કે ભારત જેવા દેશમાં ઓટીટી પ્લેટફોર્મ્સ પર કોઈ પ્રકારનું રેગ્યુલેશન નહિ હોવાથી અરાજકતાને ઉત્તેજન મળી રહ્યું છે. આ ચર્ચાઓને ધ્યાનમાં રાખતાં થોડા દિવસ પહેલાં માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે ઓટીટી પ્લેટફોર્મ્સના પ્રતિનિધિઓ સાથે એક બેઠક કરી, જેમાં આ તમામ બિંદુઓ પર વિસ્તારથી ચર્ચા થઈ. આ ચર્ચામાં સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું. અનુરાગ ઠાકુરે સલાહ આપી કે ઓટીટી પ્લેયર્સે કલાત્મક-રચનાત્મક સ્વતંત્રતાના નામે અશ્લીલતા દેખાડવાથી બચવું જોઈએ. મંત્રીએ આ પ્લેટફોર્મ્સને સલાહ આપી કે તેઓ ભારતની સાંસ્કૃતિક પરંપરાઓ અને વિવિધતાઓ મુદ્દે સતર્ક રહેવાની સાથે જ તેના પ્રત્યે સંવેદનશીલતાનો પરિચય પણ આપે. કહેવાય છે કે આ બેઠકમાં લસ્ટ સ્ટોરીઝ અને રાણા નાયડુ જેવી સિરીઝની સામગ્રીને લઈને ચર્ચા થઈ. પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવમાં આવીને જે રીતે સામગ્રી પીરસાઈ રહી છે, તે ભારતીય સમાજ માટે કેટલી યોગ્ય છે. ચર્ચા તો એ વાતે પણ થઈ કે ઓટીટી પ્લેટફોર્મ્સના રેગ્યુલેશનને લઈને જે ત્રિસ્તરીય વ્યવસ્થા છે તેમાં એક સ્તર વધુ ઉમેરવામાં આવે. ઓટીટી પર દેખાડવામાં આવતી સામગ્રીની સ્ક્રીપ્ટને શૂટિંગ પહેલાં એક કમિટી જુએ. ઓટીટી પ્લેટફોર્મ્સના પ્રતિનિધિઓને ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે જેથી તેઓ તેને લઈને કોઈ વ્યવસ્તા બનાવે અને સરકારને સૂચવે. એ જોવાની વાત હશે કે આ પ્રકારની વ્યવસ્થઆ કેટલીય વ્યાવહારિક હોઇ શકે છે.

ઓટીટી પ્લેટફોર્મ્સ પર દેખાડવામાં આવતી સામગ્રીને લઈને દેશમાં લાંબા સમયથી ચર્ચા થઈ રહી છે. સામગ્રીના પક્ષ અને વિપક્ષમાં કેટલીય પ્રકારના તર્ક જોવા મળે છે. કેટલીય વાર એના પર દેખાડાતી વેબ સિરીઝને લઈને હંગામા પણ થયા છે. કેસ પોલીસથી લઈને અદાલતોમાં પણ ગયો છે. વેબસિરીઝમાં ગાળોની ભરમાર, અશ્લીલતા અને નગ્નતાનું પ્રદર્શન, જબરદસ્ત હિંસા, લઘુમતીઓની સ્થિતિ મુદ્દે વાંધાજનક ટિપ્પણીઓ, કેટલીય વાર સેના અને સૈનિકોની છબિ ખરાબ કરવા જેવા પ્રસંગો પણ જોવા મળ્યા છે. કોરોના કાળ પહેલાં જ્યારે ઓટીટી પ્લેટફોર્મ્સ અને વેબ સિરીઝ આપણા દેશમાં લોકપ્રિય થવાના ચરણમાં હતા ત્યારે કેટલાય નિર્માતાઓએ સેકસ અને ગાળાગાળી દ્વારા લોકપ્રિય થવાનો રસ્તો પસંદ કર્યો હતો. કેટલીય વિદેશી વેબ સિરીઝમાં નગ્નતા સામાન્ય વાત હતી. ઓટીટીને લઈને કોઈ પ્રકારનું નિયમન નહીં હોવાથી નગ્ન દશ્યોના પ્રદર્શનમાં કોઈ પ્રકારનો પ્રતિબંધ ન હતો. હજુ પણ નથી. કોરોના કાળમાં ઓટીટી ખૂબ લોકપ્રિય થયું.

એક તરફ ઓટીટી પ્લેટફોર્મ્સની લોકપ્રિયતા વધી રહી હતી, પરંતુ સાથે જ ત્યાં દેખાડાતી સામગ્રીને લઈને વિવાદ પણ વધી રહ્યા હતા. સરકારની નજર પણ એના પર હતી. ઈન્ડસ્ટ્રીના લોકોને લઈને લાંબા સમય સુધી ચાલેલા વિચાર-વિમર્શ બાદ ફેબ્રુઆરી, ૨૦૨૧માં ઈન્ટરનેટ મીડિયાને લઈને કેન્દ્ર સરકારે એક ગાઇડલાઈન જારી કરી હતી. તે અંતર્ગત જ ઓટીટી પ્લેટફોર્મ્સને લઈને એક ત્રિસ્તરીય ફરિયાદ નિવારણ વ્યવસ્થા બનાવવામાં આવી હતી. ત્યારે ઓટીટી પ્લેટફોર્મ્સ સાથે જોડાયેલા લોકોએ તેનું સ્વાગત કર્યું હતું. એ વ્યવસ્થાનો કોઈ ખાસ પ્રભાવ જોવા નથી મળ્યો. વેબ સિરીઝ અને ઓટીટી પર દેખાડાતી સામગ્રીને લઈને વિવાદ ચાલુ રહ્યા. ફરિયાદો પણ આવતી રહી. તેનો નિકાલ પણ થતો રહ્યો, છતાં વિવાદ તો ચાલુ જ રહ્યા. બાદના દિવસોમાં એક ખાસ પ્રકારની પ્રવૃત્તિ જોવા મળી કે આ ઓટીટી પ્લેટફોર્મ્સ પર દેખાડાતી સામગ્રીમાં ક્યારેક પ્રત્યક્ષ તો મોટાભાગે પરોક્ષ રૂપે રાજકીય વિચારો ઉઠાવવાનો અને નકારવાનો ખેલ ચાલવા લાગ્યો. સંવાદથી લઈને દશ્યો સુધીમાં. અભિવ્યક્તિની રચનાત્મક સ્વતંત્રતા અને યથાર્થની આડમાં નગ્નતા અને ગાળાગાળી દેખાડવાનું ચલણ ઓછું નથી થયું. આ વર્ષે એપ્રિલમાં સંસદીય સમિતિએ ઓટીટી પ્લેટફોર્મ પર દેખાડાતી અશ્લીલતા પર ચિંતા પ્રગટ કરી હતી. સમિતિના મોટાભાગના સદસ્યોનું માનવું હતું કે જે પ્રકારની અશ્લીલતા આ સિરીઝમાં દેખાડવામાં આવે છે, તે ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો વિરૂધ્ધ છે. તેનો દુષ્પ્રભાવ સમાજ પર પડે છે. સરકાર અને સમાજના સ્તર પર પણ તેને લઈને નિરંતર મંથન થઈ રહ્યું છે. ઓટીટી પ્લેટફોર્મ્સ પણ પોતાના ગ્રાહકોની સંખ્યા વધારવા, તેમને જાળવી રાખવા માટે સતત કંટેન્ટમાં પ્રયોગ કરતા રહ્યા. હજુ પણ કરી રહ્યા છે. આ એક અલગ વિષય છે.

પ્રશ્ન એ થાય છે કે જ્યાર આ દેશમાં ફિલ્મો માટે એકપ્રકારના પ્રમાણનની સુસ્પષ્ટ વ્યવસ્થા છે તો પછી ઓટીટીને લઈને કેમ આ પ્રકારની વ્યવસ્થા ન બની શકે?

# ગુજરાત પોલીસમાં એક ઝાટકે ૭૦ આઈપીએસ અધિકારીઓની બદલી

ગાંધીનગર તા. ૨૮ : ગુજરાતમાં ફરી એક્વાર બદલીઓનું ભૂત ધ્રૂણ્યું છે. જેમાં એક ઝાટકે ૭૦ **IPS** અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ઘણા સમયથી રાજ્યમાં આઈપીએસ અધિકારીઓની બદલીને લઈને અટકળો ચાલતી હતી. આખરે આ બદલીનો ઓર્ડર આવી ગયોછે. આસાથે રેન્જ આઈજીની પણ બદલી કરવામાંઆવીછે. હવેઅમદાવાદને ફૂલટાઈમ પોલીસ કમિશનર મળ્યા છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ નિવૃત થયા બાદ પ્રેમવીર સિંહ પાસે અમદાવાદ કમિશનરનો ચાર્જ છે. ત્યારે હવે અમદાવાદ શહેરને નવા કમિશનર મળ્યા છે. જ્ઞાનેન્દ્ર સિંહ મલિકને અમદાવાદના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે પ્રેમ વીર સિંહને અમદાવાદ રેન્જ આઈજી બનાવામાં આવ્યા છે. નિલેશ જાંઝળીયાને જુનાગઢ રેન્જ આઈજી બનાવામાં આવ્યા છે. આ ઉપરાંત ડેપ્યુટેશન પર ગયેલા અધિકારીઓની પણ બદલી કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

(૧) ડૉ. શમશેર સિંઘ, **IPS (GJ:૧૯૯૧)**, પોલીસ કમિશ્નર, વડોદરા શહેરની બદલી અને પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા), ગાંધીનગરની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર અધિક પોલીસ મહાનિર્દેશક ગ્રેડમાં કેડર પોસ્ટ અપગ્રેડ કરીને પોલીસ મહાનિર્દેશક ગ્રેડમાં ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર નરસિમ્હા એન.જી.૯૯ ની બદલી કરવામાં આવી છે.

(૨) જ્ઞાનેન્દ્ર સિંઘ મલિક, **IPS (GJ:૧૯૯૩)**, અધિક પોલીસ મહાનિર્દેશક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરની ખાલી કેડર પોસ્ટ પર પોલીસ મહાનિર્દેશકના ગ્રેડમાં એક્સ-કેડર પોસ્ટને એડિશનલ ડાયરેક્ટરની કેડર પોસ્ટમાં ડાઉનગ્રેડ કરીને નિમણૂક કરવામાં આવી છે. જનરલ ઓફ પોલીસ ગ્રેડ.

(૩) ડૉ. નીરજ ગોત્રુ, **IPS (GJ:૧૯૯૩)**, ડાયરેક્ટર, સિવિલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડસ, અમદાવાદની બદલી કરવામાં આવી છે અને અધિક પોલીસ મહાનિર્દેશક (તાલીમ), ગાંધીનગરની ખાલી સંવર્ગની જગ્યા પર ભૂતપૂર્વ ડાઉનગ્રેડ કરીને નિમણૂક કરવામાં આવી છે. પોલીસ મહાનિર્દેશક (તાલીમ), ગાંધીનગરની કેડર પોસ્ટથી અધિક પોલીસ મહાનિર્દેશક (તાલીમ), ગાંધીનગરમાં કેડર પોસ્ટ.

(૪) આર.બી.બ્રહ્મભટ્ટ, **IPS (GJ૧૯૯૫)**, અધિક પોલીસ મહાનિર્દેશક, ઝ્રૈંડ્ઢ (ક્રાઈમ એન્ડ રેલ્વે), ગાંધીનગરની શ્રીની જગ્યાએ અધિક પોલીસ મહાનિર્દેશક, ઝ્રૈંડ્ઢ (ઈન્ટેલીજન્સ), ગાંધીનગરના કેડર પોસ્ટ પર બદલી અને નિમણૂક કરવામાં આવીછે. અનુપમ સિંહ ગહલૌત, ૈંઁજી (ય્નઃ૧૯૯૭)ની બદલી.

(૫) નરસિમ્હા એન. કોમર **(GJ:૧૯૯૬)**, અધિક પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા), ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને ભૂતપૂર્વ કેડરને અપગ્રેડ કરીને અધિક પોલીસ મહાનિર્દેશક (એડમિન.), ગાંધીનગરની કેડર પોસ્ટ પર નિયુક્ત કરવામાં આવી છે. બ્રજેશ કુમાર ઝા,**IPS (GJ:૧૯૯૯)** ની જગ્યાએ અધિક પોલીસ મહાનિર્દેશક ગ્રેડમાં પોલીસ મહાનિરીક્ષક ગ્રેડથી કેડર પોસ્ટમાં સ્થાનાંતરિત. વધુમાં નરસિમ્હા એન. કોમર **(GJ:૧૯૯૬)** અધિકપોલીસ મહાનિર્દેશક (ઈક્વાયરી), ગાંધીનગર અને અધિક પોલીસ મહાનિર્દેશક (આર્મ્ડ યુનિટ), ગાંધીનગરની ખાલી જગ્યાનો વધારાનો હવાલો સંભાળશે.

(૬) ડૉ. એસ. પંડિયા રાજકુમાર,**PS (GJ:૧૯૯૬)**, અધિક પોલીસ મહાનિર્દેશક (રેલવે), અમદાવાદની બદલી અને અધિક પોલીસ મહાનિર્દેશક, **CID** (ક્રાઈમ એન્ડ રેલ્વે), ગાંધીનગર વાઈસ કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. આર.બી.બ્રહ્મભટ્ટ,**IPS (GJ:૧૯૯૫)**ની બદલી.

(૭) અનુપમ સિંહ ગહલૌત,**PS (GJ:૧૯૯૭)**, અધિક પોલીસ મહાનિર્દેશક, **CID** (ઈન્ટેલીજન્સ), ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને ડાયરેક્ટર જનરલમાંએક્સ-કેડર પોસ્ટને ડાઉનગ્રેડ કરીને વડોદરા શહેરના પોલીસ કમિશનરની કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. પોલીસ ગ્રેડથી કેડર પોસ્ટમાં એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ ગ્રેડમાં ડો. શમશેર સિંઘ,**IPS (GJ:૧૯૯૧)**ની બદલી કરવામાં આવી છે.

(૮) પિયુષ પુરુષોત્તમદાસ પટેલ,**PS (GJ:૧૯૯૮)**, અધિક પોલીસ મહાનિર્દેશક, છદ્બૅ, સુરત રેન્જ, સુરતની બદલી કરવામાં આવી છે અને આગળના આદેશો સુધી પોસ્ટિંગની રાહ જોવામાં આવશે.

(૯) બ્રજેશ કુમાર ઝા, **PS (GJ:૧૯૯૯)**, પોલીસ મહાનિરીક્ષક (એડમિન.), ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને સંયુક્ત પોલીસ કમિશનર, સેક્ટર-૨, અમદાવાદ શહેરની કેડર પોસ્ટ પર એમ.એસ. ભરાડા, **IPS**ની જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે. (ય્નઃ૨૦૦૫) સ્થાનાંતરિત.

(૧૦) વબાંગ જમીર,**IPS (GJ:૧૯૯૯)**, પોલીસ મહાનિરીક્ષક (ઈન્ટેલિજન્સ-૨), ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને ભૂતપૂર્વ કેડર પોસ્ટ અપગ્રેડ કરીને સંયુક્ત પોલીસ કમિશનર, સેક્ટર-૧, સુરત શહેરની કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. અધિક પોલીસ કમિશનર, સેક્ટર-૧, સુરત સિટીની સંયુક્ત પોલીસ કમિશનર, સેક્ટર-૧, સુરત સિટીની કેડર પોસ્ટમાં પી.એલ.મલ, ની બદલી કરવામાં આવી છે.

(૧૧) અભય ચુડાસમા,**IPS (GJ:૧૯૯૯)**, પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર રેન્જની બદલી અને પ્રિન્સિપાલ, સ્ટેટ પોલીસ એકેડમી, કરાઈ, ગાંધીનગરની કેડર પોસ્ટ પર નાયબ પોલીસ મહાનિરીક્ષકમાં એક્સ-કેડર પોસ્ટ અપગ્રેડ કરીને નિમણૂક કરવામાં આવી છે. પોલીસ મહાનિરીક્ષકમાં ગ્રેડથી કેડર પોસ્ટમાં એ.જી. ચૌહાણ, આઈપીએસ (જીજેઃ ૨૦૦૬)ની બદલી કરવામાં આવી છે.

(૧૨) વી. ચંદ્રશેકર,**IPS (GJ:૨૦૦૦)**, પોલીસ મહાનિરીક્ષક, અમદાવાદ રેન્જની બદલી અને પોલીસ મહાનિરીક્ષક, સુરત રેન્જના કેડર પોસ્ટ પર વધારાના પોલીસ મહાનિર્દેશક ગ્રેડમાં એક્સ-કેડર પોસ્ટને ડાઉનગ્રેડ કરીને નિમણૂક કરવામાં આવી છે. પીયૂષ પુરુષોત્તમદાસ પટેલ,**IPS (GJ:૧૯૯૮)** ની જગ્યાએ પોલીસ મહાનિરીક્ષક ગ્રેડમાં કેડર પોસ્ટ પર બદલી.

(૧૩) **M.A.** ચાવડા,**IPS (GJ:૨૦૦૧)**, પોલીસ મહાનિરીક્ષક, જૂનાગઢ રેન્જની બદલી કરવામાં આવી છે અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (વિજિલન્સ), **GSRTC**, અમદાવાદની ખાલી પડેલી એક્સ-કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે.

(૧૪) ડી.એચ.પરમાર,**IPS (GJ:૨૦૦૪)**, સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક), સુરત શહેરની બદલી કરવામાં આવી છે અને ભૂતપૂર્વ કેડરમાં અપગ્રેડ કરીને ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (આર્મ્ડ યુનિટ), વડોદરાની ખાલી પડેલી એક્સ-કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક (આર્મ્ડ યુનિટ), વડોદરાની પોસ્ટથી પોલીસ મહાનિરીક્ષક (આર્મ્ડ યુનિટ), વડોદરાની એક્સ-કેડર પોસ્ટ.

(૧૫)પ્રેમ વીર સિંઘ, જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ), અમદાવાદ શહેરની બદલી અને નિમણૂક પોલીસ મહાનિરીક્ષક, અમદાવાદ રેન્જના કેડર પોસ્ટ પર વી. ચંદ્રશેકર, સ્થાનાંતરિત.

(૧૬) એમ.એસ. ભરાડા, જોઈન્ટ પોલીસ કમિશનર, સેક્ટર-૨, અમદાવાદ શહેરની બદલી કરવામાં આવી છે અને વબાંગ જમીર ની જગ્યાએ પોલીસ મહાનિરીક્ષક (ઈન્ટેલિજન્સ-૧), ગાંધીનગરના ભૂતપૂર્વ કેડર પદ પર નિમણૂક કરવામાં આવી છે.

(૧૭) એચ.આર.ચૌધરી, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, **GUVNL**, વડોદરાની બદલી કરવામાં આવી છે અને સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક), સુરતના ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે.

(૧૮) નિલેશ ભીખાભાઈ જાજડિયા, નાયબ પોલીસ મહાનિરીક્ષક (કોસ્ટલ સિક્યોરિટી), અમદાવાદની બદલી કરવામાં આવી છે અને **M.A.** ચાવડાની જગ્યાએ નાયબ પોલીસ મહાનિરીક્ષક, જૂનાગઢ રેન્જના ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. (ય્નઃ૨૦૦૧) સ્થાનાંતરિત.

(૧૯) ચિરાગ મોહનલાલ કોરાડિયા, નાયબ પોલીસ મહાનિરીક્ષક, પંચમહાલ-ગોધરા રેન્જની બદલી કરવામાં આવી છે અને નીરજ કુમારની જગ્યાએ અધિક પોલીસ કમિશનર, સેક્ટર-૧, અમદાવાદ શહેરની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. બડગુજરની બદલી.

(૨૦) પી.એલ.માલ,, અધિક પોલીસ કમિશનર, સેક્ટર-૧, સુરત શહેરની બદલી કરવામાં આવી છે અને નાયબ પોલીસ મહાનિરીક્ષક (કોસ્ટલ સિક્યોરિટી), અમદાવાદની કેડર પોસ્ટ પર નિલેશ ભીખાભાઈ જાજડિયાની જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે. ટ્રાન્સફર. વધુમાં પી.એલ.મલ, અમદાવાદના ક્રોસ્ટલસિક્યોરિટી એન્ડ ઈન્ટેલિજન્સ, ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસનો વધારાનો હવાલો સંભાળશે.

(૨૧) એ.જી.ચૌહાણ, આચાર્ય, રાજ્ય પોલીસ એકેડેમી, કરાઈ, ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને નિરીક્ષકની ભૂતપૂર્વ કેડર પોસ્ટને ડાઉનગ્રેડ કરીને ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (જેલ), અમદાવાદની ખાલી ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. જનરલ (જેલ), અમદાવાદ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (જેલ), અમદાવાદના એક્સ-કેડર પોસ્ટ પર.

(૨૨) આર.વી.અસારી,નાયબ પોલીસ મહાનિરીક્ષક (ઈન્ટેલિજન્સ-૨), ગાંધીનગરની બદલી અને નિમણૂક નાયબ પોલીસ મહાનિરીક્ષક, પંચમહાલ-ગોધરા રેન્જના કેડર પોસ્ટ પર ચિરાગ કોરાડિયા, ૈંઁજી ની જગ્યાએ કરવામાં આવી છે. સ્થાનાંતરિત.

(૨૩) નીરજ કુમાર બડગુજર,અધિક પોલીસ કમિશનર, સેક્ટર-૧, અમદાવાદ શહેરની બદલી કરવામાં આવી છે અને જોઈન્ટ કમિશનરની કેડર પોસ્ટને ડાઉનગ્રેડ કરીને અધિક પોલીસ કમિશનર (ક્રાઈમ), અમદાવાદ શહેરની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. પોલીસ (ક્રાઈમ), અમદાવાદ સિટી, પ્રેમ વીર સિંઘ ના સ્થાને અધિક પોલીસ કમિશનર (ક્રાઈમ), અમદાવાદ શહેરની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર બદલી કરવામાં આવી છે.

(૨૪)વીરેન્દ્રસિંહ યાદવ, કમાન્ડન્ટ, મેટ્રો સિક્યુરિટી-૧, અમદાવાદને રૂ.નાપે મેટ્રિક્સમાં ૧૩છના પગાર ધોરણમાંનાયબ પોલીસ મહાનિરીક્ષક તરીકે બઢતી આપવામાં આવી છે. ૧,૩૧,૧૦૦-૨,૧૬,૬૦૦ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર રેન્જની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. અભય ચુડાસમા,ની બદલી.

(૨૫) વિધિ ચૌધરી, જોઈન્ટ ડાયરેક્ટર, ડિરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશન, ગાંધીનગરને ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ ગ્રેડમાં પગાર ધોરણ ૧૩છ ના પગાર ધોરણમાં રૂ. ૧,૩૧,૧૦૦-૨,૧૬,૬૦૦ અને અધિક પોલીસ કમિશનર (વહીવટ, ગુના અને ટ્રાફિક), રાજકોટ શહેરની ખાલી કેડરની જગ્યા પર નિમણૂંક કરવામાં આવી છે.

(૨૬) વિશાલકુમાર વાઘેલા, પોલીસ અધિક્ષક, સાબરકાંઠાને નાયબ પોલીસ મહાનિરીક્ષક તરીકે **13 A** ના પગાર ધોરણમાં રૂ.ના પે મેટ્રિક્સમાં બઢતી આપવામાં આવી છે. ૧,૩૧,૧૦૦-૨,૧૬,૬૦૦ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક (આર્મ્ડ યુનિટ) ગાંધીનગરની ખાલી કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે.

(૨૭) ડૉ. લીના માધવરાવ પાટીલ પોલીસ અધિક્ષક, ભરૂચની બદલી કરવામાં આવી છે અને તેમની નિમણૂક પૂર્વ કેડરના નાયબ પોલીસ કમિશનર, ઝોન-૩, વડોદરા શહેરની જગ્યાએ યશપાલ જગાણીયા, પર કરવામાં આવી છે. ) સ્થાનાંતરિત.

(૨૮) મહેન્દ્ર બગરિયા, પોલીસ અધિક્ષક, કચ્છ (પૂર્વ), ગાંધીધામની બદલી અને પોલીસ અધિક્ષક, કચ્છ-ભુજ (પશ્ચિમ)ની ખાલી સંવર્ગની જગ્યા પર નિમણૂક કરવામાં આવી છે.

(૨૯) તરુણ કુમાર દુગ્ગલ, ૈંપોલીસ અધિક્ષક, ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૭, અમદાવાદ શહેરની કેડર પોસ્ટ પર ભગીરથસિંહ યુ. જાડેજા, ૈંઁજીની બદલી કરવામાં આવી છે.

(૩૦) સરોજ કુમારી, નાયબ પોલીસ કમિશ્નર (હેડ ક્વાર્ટર), સુરત શહેરની બદલી અને રાજેશકુમાર ટી. પરમારની જગ્યાએ પોલીસ અધિક્ષક, પશ્ચિમ રેલ્વે, વડોદરાના ભૂતપૂર્વ કેડર પદ પર નિમણૂક કરવામાં આવી છે. **, SPS** ની બદલી.

(૩૧) આર.પી. બારોટ, પોલીસ અધિક્ષક, મહીસાગરની બદલી કરવામાં આવી છે અને ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ, ઝોન-૫, સુરત શહેરની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર હર્ષદ બી. મહેતા, ની બદલી કરવામાં આવી છે.

(૩૨) ડૉ. જી.એ.પંડ્યા, પોલીસ અધિક્ષક, આર્થિક ગુના વિરોધી સેલ, **CID** (ક્રાઈમ), ગાંધીનગરની બદલી અને હરેશકુમાર એમ. દુધાતની જગ્યાએ પોલીસ અધિક્ષક, સુરેન્દ્રનગરની કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. **, IPS** ની બદલી.

(૩૩) બલરામ મીણા, પોલીસ અધિક્ષક, દાહોદની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, પશ્ચિમ રેલવે, અમદાવાદની ખાલી પડેલી ભૂતપૂર્વ કેડરની જગ્યા પર નિમણૂક કરવામાં આવી છે.

(૩૪) ડૉ. કરણરાજ વાઘેલા, કમાન્ડન્ટ, ઉદ્યોગોના રક્ષણ માટે રાજ્ય અનામત પોલીસ દળ જૂથ, ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, વલસાડની કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે, તેની જગ્યાએ ડૉ. રાજદીપસિંહ એન. ઝાલા, ની બદલી કરવામાં આવી છે.

(૩૫) એ.એમ.મુનિયા, ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૬, અમદાવાદ શહેરની બદલી અને કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૦૫, ગોધરાના ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર કુ. તેજલ સી. પટેલ, એસપીએસની બદલી.

(૩૬)યશપાલ જગાણીયા, ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૩, વડોદરા શહેરની બદલી કરવામાં આવી છે અને રવિરાજસિંહ એસ. જાડેજા, ૈંઁજીની જગ્યાએ પોલીસ અધિક્ષક, ડાંગ - આહવાના કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે.

(૩૭) મયુર ચાવડા, પોલીસ અધિક્ષક, ઈન્ટેલિજન્સ, ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, ભરૂચના કેડર પોસ્ટ પર ડો. લીના માધવરાવ પાટીલ, ની બદલી કરવામાં આવી છે.

(૩૮) ડો. રવિ મોહન સૈની,પોલીસ અધિક્ષક, પોરબંદરની બદલી અને ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૬, અમદાવાદ શહેરની કેડર પોસ્ટ પર એ.એમ.મુનિયા,ની જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે. ) સ્થાનાંતરિત.

(૩૯) સંજય જ્ઞાનદેવ ખરાત, પોલીસ અધિક્ષક, અરવલ્લી ની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, એન્ટિ-ઈકોનોમિક ઓફેન્સ સેલ, (ક્રાઈમ), ગાંધીનગરની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર ડૉ. ટ.છ. પંડ્યા, ની બદલી.

(૪૦) ધર્મેન્દ્ર શર્મા, પોલીસ અધિક્ષક, છોટાઉદેપુરની બદલી કરવામાં આવી છે અને એસ.આર.ઓડેદરાની જગ્યાએ પોલીસ અધિક્ષક, (ક્રાઈમ), ગાંધીનગરના ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે. સ્થાનાંતરિત

(૪૧) એસ.આર.ઓડેદરા, પોલીસ અધિક્ષક, (ક્રાઈમ), ગાંધીનગરની બદલી અને પોલીસ અધિક્ષક (કોસ્ટલ સિક્યુરિટી), ગાંધીનગરની ખાલી પડેલી એક્સ-કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે.

(૪૨) વાસમસેટી રવિ તેજા, પોલીસ અધિક્ષક, જૂનાગઢની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, ગાંધીનગરની કેડર પોસ્ટ પર તરુણકુમાર દુગ્ગલની બદલી કરવામાં આવી છે.

(૪૩) ડૉ. રવિન્દ્ર પટેલ, પોલીસ અધિક્ષક, ભાવનગરની બદલી અને પોલીસ અધિક્ષક, પાટણની સંવર્ગની પોસ્ટ પર વિજય જે. પટેલ, ૈંઁજીની બદલી કરવામાં આવી છે.

(૪૪) શૈફાલી બરવાલ, પોલીસ અધિક્ષક, રાજ્ય ટ્રાફિક શાખા ૧, ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, અરવલ્લી-મોડાસાની કેડર પોસ્ટ પર સંજય જ્ઞાનદેવ ખરાતની બદલી કરવામાં આવી છે.

(૪૫) **B.R.** પટેલ, ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૬, સુરત શહેરની બદલી કરવામાંઆવી છેઅને કમાન્ડન્ટ, મેટ્રો સિક્યુરિટી-૧, અમદાવાદના ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર વીરેન્દ્રસિંહ યાદવની બદલી કરવામાં આવી છે.

(૪૬) સાગર બાગમાર, ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૪, સુરત શહેરની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, કચ્છ (પૂર્વ), ગાંધીધામની કેડર પોસ્ટ પર મહેન્દ્ર બગરિયાની બદલી કરવામાં આવી છે.

(૪૭) સુશીલ અગ્રવાલ, ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૩, અમદાવાદ શહેરની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, નવસારીના કેડર પોસ્ટ પર રૂષિકેશ બી. ઉપાધ્યાયની બદલી કરવામાં આવી છે.

(૪૮) વિશાખા ડબરાલ, કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ૈંદ્રય્ઝ, ગ્રુપ-૧૫, મહેસાણાની બદલી કરવામાં આવી છે અને ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૩, અમદાવાદ શહેરની કેડર પોસ્ટ પર સુશીલ અગ્રવાલની બદલી કરવામાં આવી છે.

(૪૯) પાલ શેસ્મા,કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૩, મડાણા, જિ.-બનાસકાંઠાની બદલી કરવામાં આવી છે અને ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૨, અમદાવાદ શહેરની કેડર પોસ્ટ પર જયદીપસિંહ ડી. જાડેજા, ની બદલી કરવામાં આવી છે.

(૫૦) વિજયસિંહ ગુર્જર, કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૧૪, કલગામ, જિલ્લોઃવલસાડની બદલી કરવામાં આવી છે અને ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૪, સુરત શહેરની કેડર પોસ્ટ પર સાગર બાગમાર, ની બદલી કરવામાં આવી છે.

(૫૧) હિમાંશુ કુમાર વર્મા,પોસ્ટિંગની રાહ જોઈ રહેલા પોલીસ અધિક્ષક, રાજ્ય ટ્રાફિક શાખા-૧, ગાંધીનગરના એક્કાડર પોસ્ટ પર શ્રીમતી વાઈસની નિમણૂક કરવામાં આવી છે. શૈફાલી બરવાલની બદલી.

(૫૨) અતુલ કુમાર બંસલ, ૈંઁજી (ય્નઃ૨૦૧૯), મદદનીશ પોલીસ કમિશનર, ઈ઼ૈવિઝન, અમદાવાદ શહેરની કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૭, નડિયાદ, ખેડાની ખાલી પડેલી એક્સ-કેડર પોસ્ટ પર બદલી અને નિમણૂક કરવામાં આવી છે.

(૫૩) આલોક કુમાર, મદદનીશ પોલીસ અધિક્ષક, રાજ્ય ટ્રાફિક શાખા, ગાંધીનગરની બદલી અને કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૩, મડાણા, જિ.-બનાસકાંઠાની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર શ્રીપાલ શેસ્મા, ની બદલી કરવામાં આવી છે.

(૫૪) શિવમ વર્મા, મદદનીશ પોલીસ અધિક્ષક, ઝ્રૈંડ્ઢ (ક્રાઈમ), ગુમ વ્યક્તિઓ માટે, ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને સુબન્નો જોષી, જીઁજીની જગ્યાએ અધિક્ષક, મધ્ય જેલ, રાજકોટની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે.

(૫૫) જગદીશ બંગરવા, હાલમાં પોસ્ટિંગની રાહ જોઈ રહ્યા છે, તેમની બદલી અને નિમણૂક સુપરિન્ટેન્ડેન્ટ, સેન્ટ્રલ જેલ, વડોદરાની ખાલી પડેલી એક્સ-કેડર પોસ્ટ પર કરવામાં આવી છે.

(૫૬) અભિષેક ગુપ્તા, મદદનીશ પોલીસ અધિક્ષક, ખંભાત વિભાગ, આણંદની બદલી કરવામાં આવી છે અને કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ-૧૪, કલગામ, જિ.: વલસાડ વાઈસ ટ્રાન્સફર વિજયસિંહ ગુર્જર ની એક્સ-કેડર પોસ્ટ પર બદલી કરવામાં આવી છે. (૫૭) જયદીપસિંહ ડી. જાડેજા, **IPS**, ડેપ્યુટી પોલીસ કમિશ્નર, ઝોન-૨, અમદાવાદ શહેરની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, મહીસાગરની કેડર પોસ્ટ પર આર.પી. બારોટ, ૈંઁજી (ય્નઃ૨૦૧૧)ની બદલી કરવામાં આવી છે.

(૫૮) વિજય જે. પટેલ, ૈંઁજી, પોલીસ અધિક્ષક, પાટણની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, સાબરકાંઠાના કેડર પોસ્ટ પર વિશાલ કુમાર વાઘેલા, ૈંઁજી (ય્નઃ૨૦૦૯)ની બદલી કરવામાં આવી છે.

(૫૯) ભગીરથસિંહ યુ. જાડેજા, ૈંઁજી, ડેપ્યુટી પોલીસ કમિશનર, ઝોન-૭, અમદાવાદ શહેરની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, પોરબંદરના કેડર પોસ્ટ પર ડો. રવિ મોહન સૈની, ની બદલી કરવામાં આવી છે.

(૬૦) રવિરાજસિંહ એસ. જાડેજા, પોલીસ અધિક્ષક, ડાંગ –આહવા ની બદલી કરવામાં આવી છે અને તેમની નિમણૂક કમાન્ડન્ટ, **SRPF** ગ્રુપ ફોર કમાન્ડન્ટ, ગાંધીનગરની એક્સ-કેડર પોસ્ટ પર અધિક્ષક પોલીસ અધિક્ષક, ઈન્ટેલિજન્સ બ્યુરો, ગાંધીનગર દ્વારા કરવામાં આવી છે.

(૬૧) ડૉ. હર્ષદકુમાર કે. પટેલ, ૈંઁજી, પોલીસ અધિક્ષક, **M.T.**, ગાંધીનગરની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, ભાવનગરના કેડર પોસ્ટ પર ડૉ. રવિન્દ્ર પટેલ,ની બદલી કરવામાં આવી છે.

(૬૨) ડો. રાજદીપસિંહ એન. ઝાલા, પોલીસ અધિક્ષક, વલસાડની બદલી અને પોલીસ અધિક્ષક, દાહોદની કેડર પોસ્ટ પર બલરામ મીના, ની બદલી કરવામાં આવી છે.

(૬૩) હરેશકુમાર એમ. દુધાત, પોલીસ અધિક્ષક, સુરેન્દ્રનગર ની બદલી કરવામાં આવી છે અને તેમની નિમણૂક પોલીસ અધિક્ષક, ઈન્ટેલિજન્સ, ગાંધીનગરના ભૂતપૂર્વ કેડર પદ પર મયુર ચાવડાની જગ્યાએ કરવામાં આવી છે.

(૬૪) હર્ષદ બી. મહેતા, **IPS**, નાયબ પોલીસ કમિશનર, ઝોન-૫, સુરત શહેરની બદલી કરવામાં આવી છે અને વસમસેટ્ટી રવિ તેજા, ની જગ્યાએ પોલીસ અધિક્ષક, જૂનાગઢની કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે.

(૬૫) રૂષિકેશ બી. ઉપાધ્યાય, પોલીસ અધિક્ષક, નવસારી ની બદલી અને કમાન્ડન્ટ, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, **ONGC**, ગ્રુપ-૧૫, મહેસાણાની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર સુવિશાખા ડબરાલ, ૈંઁજી (ય્નઃ ૨૦૧૮) સ્થાનાંતરિત.

(૬૬) રાજેશકુમાર ટી. પરમાર, એસપીએસ, પોલીસ અધિક્ષક, પશ્ચિમ રેલ્વે, વડોદરાની બદલી કરવામાં આવી છે અને તેમની નિમણૂક ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ, ઝોન-૬, સુરત શહેરની ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર કરવામાં આવી છે. બી.આર. પટેલ (ય્નઃ ૨૦૧૬)ની બદલી.

(૬૭) એન.એ.મુનિયા, ડેપ્યુટી પોલીસ કમિશનર (હેડ ક્વાર્ટર અને એડમિનિસ્ટ્રેશન), વડોદરા શહેરની બદલી અને ડેપ્યુટી પોલીસ કમિશનર (હેડ ક્વાર્ટર), સુરત સિટીના ભૂતપૂર્વ કેડર પોસ્ટ પર સુસરોજ કુમારી, ૈંઁજી તરીકે નિમણૂક કરવામાં આવી છે. સ્થાનાંતરિત.

(૬૮) ઈમ્તિયાઝ જી. શેખ, પોલીસ અધિક્ષક, મરીન ટાસ્ક ફોર્સ કમાન્ડર, પોરબંદરની બદલી કરવામાં આવી છે અને તેઓની બદલી કરવામાં આવી છે અને પોલીસ અધિક્ષક, છોટાઉદેપુરની કેડર પોસ્ટ પર ધર્મેન્દ્ર શર્મા, ની બદલી કરવામાં આવી છે.

(૬૯) કુ. બન્નો જોશી, સુપરિન્ટેન્ડેન્ટ, સેન્ટ્રલ જેલ, રાજકોટની બદલી અને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (હેડ ક્વાર્ટર), અમદાવાદ શહેરની ખાલી પડેલી એક્સ-કેડર પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે.

(૭૦) તેજલ સી. પટેલ, એસપીએસ, કમાન્ડન્ટ, રાજ્ય અનામત પોલીસ દળ, જૂથ-૦૫, ગોધરા ની બદલી કરવામાં આવી છે અને ડેપ્યુટી પોલીસ કમિશ્નર ઓફ પોલીસ (હેડ ક્વાર્ટર અને એડમિનિસ્ટ્રેશન), વડોદરા શહેરની કેડર પોસ્ટ પર એન.એ.મુનિયા, એસપીએસની બદલી કરવામાં આવી છે.

# ભારત પાસેથી બ્રહ્મોસ ખરીદવા માટે રશિયા શા માટે મજબૂર છે ?

(એજન્સી) તા.૨૮ રશિયાને તેના ક્રૂડ ઓઈલ માટે ચૂકવણી કરવા માટે, ચીનના યુઆન દ્વારા ચુકવણી કરવા કહી રહ્યું છે અને ભારત ચતુર રાજદ્વારી પગલાં લઈ રહ્યું છે, પરંતુ રશિયા ભારતીય બજારમાં તેનું પુર્નઃ રોકાણ કરીને અબજો ભારતીય રૂપિયા ખર્ચ કરવાનો માર્ગ શોધવા માટે મૂંઝવણમાં છે, અને તેથી તેને રશિયાના યુદ્ધ પછી ભારત સાથે મળીને બનાવવામાં આવેલી પોતાની બ્રહ્મોસ મિસાઈલ ખરીદવાની ફરજ પડી છે. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને હવે ૫૦૯ દિવસ થઈ ગયા છે અને વર્ષો સુધી ચાલી શકે છે. રશિયા ભારતીય નિર્મિત બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલો ખરીદી શકે છે, જે અલબત્ત અભૂતપૂર્વ હશે અને ભારતના સંરક્ષણ ક્ષેત્રને પ્રોત્સાહન આપશે, પરંતુ વિશ્લેષકોને મૂંઝવણમાં મૂકે છે કે રશિયા શા માટે બ્રહ્મોસની આયાત કરશે ? ભારત સાથે સંયુક્ત સાહસ તરીકે તેની પાસે ૪૯.૫% હિસ્સો ક્યાં છે ? જો આવું થાય, પરંતુ એકવાર રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત થયા પછી, ભારત તેના બીજા સૌથી મોટા કન્સાઈનમેન્ટની સપ્લાય કરવામાં સફળ થશે, કારણ કે અત્યારે ભારત બ્રહ્મોસનો પહેલો સેટ ફિલિપાઈન્સને પહોંચાડવાનો છે.

અમેરિકા અને યુરોપિયન યુનિયન તરફથી રશિયા ઉપર ભારે આર્થિક અને સૈન્ય પ્રતિબંધો છે, તેમ છતાં રશિયાએ ભારત સાથેની તેની દાયકાઓની મિત્રતાના કારણે ફેબ્રુઆરી ૨૦૨૨ના યુદ્ધથી ભારતને અત્યંત નીચા દરે તેનું ક્રૂડ ઓઈલ સપ્લાય કર્યું છે, ભારત હવે અમેરિકી જૂથમાં હોવા છતાં, બંને દેશોએ ભારતીય રૂપિયામાં દ્વિપક્ષીય વેપારની વાટાઘાટો ‘સ્થગિત’ કરી દીધી હતી! આનાથી સ્પષ્ટ મુશ્કેલી થઈ હતી કારણ કે રશિયા યુએસ ડૉલરમાં ચૂકવણી ઈચ્છતું નથી. રશિયા પાસે ભારતીય અર્થતંત્રમાં પુર્નઃ રોકાણ સિવાય, આશરે ૧૪૭ બિલિયન યુએસડીના મૂલ્યના ભારતીય રૂપિયાનો ઉપયોગ કરવા માટે અન્ય સ્પષ્ટ માર્ગ નથી. આથી રશિયાને પ્રતિબંધોથી બચવા માટે ભારતમાંથી બિન-લડાયક નાગરિક-જેટ બનાવવાની ફરજ પડી શકે છે. રશિયાના યુનાઈટેડ એરક્રાફ્ટ કોર્પોરેશને ભારત સાથે સુખોઈ સુપરજેટ બનાવવાની યોજના ઉપર કામ કરવાનું શરૂ કર્યું છે.

‘ભારતની હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ અને રશિયાની યુનાઈટેડ એરક્રાફ્ટ કોર્પોરેશન (યુનાઈટેડ એરક્રાફ્ટ કોર્પોરેશન) વિદેશી ઘટકો સાથે સુખોઈ સુપર જેટનું ઉત્પાદન કરવા માટે એક કાર્યકારી વ્યવસ્થા તૈયાર કરવા માટે વાતચીત કરી રહી છે, જે તેમને ત્યાંથી મોટા પ્રમાણમાં આયાત કરવા અથવા રશિયા પાસેથી આયાત કરવા માટે ખરીદી કરશે. આ દેખીતી રીતે મોદીની સરકારને લાભ છે પરંતુ હકીકતમાં માત્ર રશિયા તેણી મજબૂરીઓને કારણે કરી રહ્યું છે. પરંતુ, એમાં પણ કોઈ શંકા નથી કે આ યુદ્ધે રશિયામાં પણ ચોક્કસ મિસાઈલ સંકટ ઉભું કર્યું છે. સ્વાભાવિક રીતે તેનો સ્ટોક ખતમ થવાનો નથી, તેમ છતાં, રશિયા તેના મોંઘા લશ્કરી હાર્ડવેરનો ઉપયોગ કરવા માંગતું નથી કારણ કે મોટું યુદ્ધ ફાટી નીકળવાની સંભાવનાઓ પણ છે.

જો નાટો અને યુએસ સીધી રીતે તેમાં સામેલ થાય તો શું થશે? રશિયાએ વેગનર અને ચેચન લડવૈયાઓ જેવા ખાનગી ભાડૂતી જૂથોની સેવાઓનો પણ ઉપયોગ કર્યો છે, વિદ્રોહનો પણ સામનો કર્યો છે, પરંતુ તેણે યુક્રેન સામે તેની નિયમિત સેના મૂકી નથી.




અહીં મહત્વની બાબત એ છે કે સમગ્ર પશ્ચિમ યુક્રેનને સશસ્ત્ર કરવા છતાં રશિયાએ હજુ સુધી યુક્રેન સામે ઘાતક શસ્ત્રોનો ઉપયોગ કર્યો નથી. જોકે, રશિયા ઈરાની બનાવટના કેમિકેઝ ડ્રોન્સની આયાત કરી રહ્યું છે. યુદ્ધ સમાપ્ત થયા પછી, રશિયાને ભવિષ્યમાં શસ્ત્રોની જરૂર પડી શકે છે. એટલે તે બ્રહ્મોસ લઈ શકે છે. યુદ્ધ પછીનો સમય એ છે કે જ્યારે રશિયાને તેની સૈન્યનું પુર્નઃ નિર્માણ કરવાની ફરજ પાડવામાં આવશે, તે પણ ઝડપી ગતિએ, કારણ કે આ છેલ્લું યુદ્ધ નથી, તેથી, ભારત બ્રહ્મોસના મોટા પાયે ઉત્પાદન તરીકે રશિયાના ફાયદા માટે કામ કરશે અને તેની સપ્લાય રશિયાને તેની સૈન્ય ધારને જાળવી રાખવામાં મદદ કરશે. અલબત્ત ભારત રશિયન ટેક્નોલોજી સાથે રશિયાને શસ્ત્રોનો પુરવઠો પૂરો પાડશે. હવે એવી પણ ખુલ્લી અટકળો ચાલી રહી છે કે ભારતને મુખ્ય જી-૪૦૦ ડિફેન્સ સિસ્ટમની રશિયન સપ્લાયમાં પણ વિલંબ થઈ શકે છે, યુએસ પ્રતિબંધોને કારણે, ભારતને નાણાકીય વ્યવહારોમાં મુશ્કેલી આવી રહી છે, અને ૨૦૧૮ની ભારત સાથે ૫.૫ બિલિયન યુએસડીનો સોદો જોખમમાં આવી શકે છે. બ્રહ્મોસ માટે ભવિષ્ય કેવું રહેશે, ખાસ કરીને રશિયા-ચીનના સંબંધોના પગલે, કારણ કે બ્રહ્મોસ વિયેતનામમાં પણ જશે જે ચીન સાથે સંઘર્ષમાં છે, પરંતુ રશિયા અને ભારતે એકબીજાને ‘ટકાવવા’ માટે એક યોજના પણ ઘડી છે, જે એ છે કે ભારતે ચાઈનીઝ યુઆન ખરીદવાનું શરૂ કર્યું છે અને ક્રૂડ તેલની કિંમતની રશિયનને ચૂકવણી કરવી પડશે. શું ભારત રશિયા દ્વારા ડિફોલ્ટ રૂપે ચીન સમક્ષ ‘વશ થઈ ગયું’ છે? પરંતુ ભારત, UAE અને શ્રીલંકાએ ભારતીય રૂપિયામાં વેપાર શરૂ કરવાનો સંકેત આપ્યો છે. શું તે રૂપિયાની ઘટતી જતી પ્રતિષ્ઠાને ટકાવી રાખશે? હવે બ્રહ્મોસ રશિયા પહોંચવાનું છે પરંતુ શું જી-૪૦૦ પણ આવશે? શું યુએસ તેવું થવા દેશે એ તો સમય જ કહેશે.

# કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશોને વોટ્સએપ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી, પોલીસે કેસ દાખલ કર્યો




(એજન્સી) તા.૨૮ કર્ણાટકની હાઈકોર્ટના પ્રેસ રિલેશન ઓફિસરે પોતાના સહિત અનેક ન્યાયાધીશોના જીવન ઉપર જોખમ હોવાની ફરિયાદ નોંધાવ્યા બાદ, સેન્ટ્રલ CEN ક્રાઈમ પોલીસ સ્ટેશને અજાણ્યા શકમંદો વિરૂધ્ધ ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ દાખલ કર્યો છે. પોલીસે જણાવ્યું હતું કે, મુરલીધરે ૧૪ જુલાઈના રોજ આ ફરિયાદ નોંધાવી હતી. તેમને ૧૨ જુલાઈના રોજ સાંજે ૭ વાગ્યાની આસપાસ આંતરરાષ્ટ્રીય નંબર ઉપરથી **WhatsApp** મેસેન્જર સંદેશા મળ્યા હતા. આ તેમનો એ મોબાઈલ નંબર તે છે જે તેમને હાઈકોર્ટ દ્વારા સત્તાવાર રીતે આપવામાં આવ્યો હતો. હિન્દી, ઉર્દૂ અને અંગ્રેજીમાં આવેલા આ મેસેજમાં દુબઈ ગેંગ દ્વારા મુરલીધર અને જસ્ટિસ મોહમ્મદ નવાઝ, જસ્ટિસ એચ ટી નરેન્દ્ર પ્રસાદ, જસ્ટિસ અશોક જી નિજગન્નવર (નિવૃત્ત), જસ્ટિસ એચ પી સંદેશ, જસ્ટિસ કે નટરાજન અને જસ્ટિસ બી વીરપ્પા (રિટાયર્ડ) સહિત હાઈકોર્ટના છ જજોને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, આ મેસેજમાં પાંચ શંકાસ્પદ મોબાઈલ ફોન નંબર પણ હતા અને તેમાં ધમકી પણ આપવામાં આવી હતી. ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬, ૫૦૭ અને ૫૦૪ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ ૭૫ અને ૬૬(F) હેઠળ **FIR** નોંધ્યા પછી, પોલીસે તેને એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ રજૂ કરી છે.

# ગુજરાતની ૬૬%થી વધુ યુનિવર્સિટી અને ૭૮% કોલેજોને નેશનલ એસેસમેન્ટ અને એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC)ની માન્યતા નથી : લોકસભામાં અપાયેલો જવાબ

## યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)ના આદેશ મુજબ NAAC ફરિજયાત

અમદાવાદ, તા.૨૮ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ વાર્તાને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યની કથળતી શિક્ષણ વ્યવસ્થાનો ચિતાર લોકસભામાં ૨૪/૭/૨૦૨૩ના દિવસે મળેલ જવાબમાં પ્રદર્શિત થાય છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના આદેશ મુજબ દેશની દરેક યુનિવર્સિટી અને કોલેજોએ **NAAC**ની માન્યતા ફરજિયાત હોવા છતાં ગુજરાતની મોટા ભાગની યુનિવર્સિટી અને કોલેજોએ માન્યતા લીધેલ નથી. ગુજરાત રાજ્યની ૬૬% વધુ યુનિવર્સિટીએ **NAAC**ની માન્યતા લીધેલ નથી, જેમાં રાજ્યની ૫૫ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્યની ૭૮% કોલેજોએ **NAAC**ની માન્યતા લીધેલ નથી. ગુજરાત રાજ્ય ૨૨૬૭ કોલેજો પૈકી ૧૭૬૭ કોલેજોએ **NAAC**ની માન્યતા લીધેલ નથી. દેશ અને ગુજરાતને ગ્લોબલ શિક્ષણ ડેસ્ટિનેશન બનાવવા ના દાવા પોકળ હોય તે આ આંકડાથી પ્રસ્થાપિત થાય છે. **NAAC**ના મૂલ્યાંકનમાં સાત જેટલા મુખ્ય સુચકોનો સમાવેશ થાય છે. યુનિવર્સિટી અને કોલેજોમાં માળખાકીય સુવિધાઓ, અભ્યાસક્રમ, શિક્ષણ અને ભણતરનું મૂલ્યાંકન, રિસર્ચ અને ઈનોવેશન, વિદ્યાર્થીઓના સપોર્ટની વ્યવસ્થા, મેનેજમેન્ટ, સંસ્થાના મૂલ્યોના આધારે ૧૦૦૦ ગુણમાંથી મૂલ્યાંકન થાય છે. આ મૂલ્યાંકનમાં અભ્યાસક્રમની ડીઝાઈન, પૂરતા અને ગુણવત્તાવાળા અધ્યાપકો, વિદ્યાર્થીઓનું પરફોર્મન્સ, રિસર્ચને પ્રાધાન્ય, લાઈબ્રેરી અને વિદ્યાર્થીઓ માટેની વ્યવસ્થા જેવા મુદ્દાઓને આવરી લેવામાં આવે છે. આ મૂલ્યાંકન બાદ યુનિવર્સિટી અને કોલેજોને **A, B, C** અને **D** કેટેગરીમાં મૂકવામાં આવે છે. કેટલીક કોલેજો અને યુનિવર્સિટીની **NAAC** મૂલ્યાંકનની સાઈકલ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તેઓ મૂલ્યાંકન મેળવવા માટે પ્રયત્ન કરી રહ્યા નથી. ગુજરાતની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પૂરતી માળખાકીય વ્યવસ્થાઓનો અભાવ, પૂરતા અને યોગ્ય અધ્યાપકોની ઘટ, કથળતું શિક્ષણ જેવા મુદ્દાઓથી હાટડીઓ બનેલી શૈક્ષણિક સંસ્થાઓને નિમ્ન કક્ષાનું મૂલ્યાંકન મળે તેનો ડર સતાવી રહ્યો છે કે શું ? તે સવાલ ઊભો થાય છે. ગુજરાત સરકાર જો સાચા અર્થમાં શિક્ષણના સુધારની દિશામાં વિચારતા હોય તો તાત્કાલિક દરેક યુનિવર્સિટી અને કોલેજોએ **NAAC**નું ફરિજયાત મૂલ્યાંકન કરાવું જોઈએ. **NAAC** મૂલ્યાંકન ફરિજયાત થવું જોઈએ તેવી માંગ છે. જો શૈક્ષણિક સંસ્થાઓ મૂલ્યાંકનના કરાવડાવે તો માન્યતા રદ થાય ત્યાં સુધીની કાર્યવાહી કરવી જોઈએ. શિક્ષણ માટેની વ્યવસ્થા માટે સરકાર કારગર પગલાં નથી લઈ રહી તે લોકસભાના આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે.

# રાજ્યના શિક્ષકોના આંદોલનના ત્રીજા તબક્કામાં સંકલન સમિતિ ૨૯મીએ ધારાસભ્યો-સાંસદસભ્યોને રજૂઆત કરશે

## તા.૩૧ જુલાઈથી શિક્ષકો-આચાર્યો વગેરે મુખ્યમંત્રીને વ્યક્તિગત પત્ર લખશે

અમદાવાદ, તા.૨૮ પડતર પ્રશ્નોને લઈને સંકલન સમિતિ દ્વારા હવે ૨૯મીએ ધારાસભ્યો અને સાંસદ સભ્યોને આવેદનપત્ર આપવામાં આવશે. ત્યારબાદ ૩૧મીથી સ્કૂલના કર્મચારીઓ રજિ. એડીથી મુખ્યમંત્રીને પત્ર લખશે. જોકે, આંદોલન વખતે અગાઉ નક્કી થયા મુજબ શૈક્ષણિક સિવાયની તમામ કામગીરીનો બહિષ્કાર ચાલુ રાખવાની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. બુધવારના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં તમામ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં વિવિધ ઠરાવ કરવામાં આવ્યા હતા. જેમાં આંદોલનના ત્રીજા તબક્કાના કાર્યક્રમમાં ૨૯ જુલાઈના રોજ ધારાસભ્યો તથા સંસદ સભ્યોને આવેદનપત્ર આપવામાં આવશે. જોકે, આ વખતે આવેદનપત્રમાંથી પ્રવાસી શિક્ષકનો મુદ્દો કાઢી નાંખવામાં આવશે. પ્રવાસી શિક્ષક અંગે સરકાર દ્વારા ઠરાવ બહાર પાડવામાં આવતા હવે આ મુદ્દે આવેદનપત્રમાં સમાવવામાં આવશે નહીં. ધારાસભ્યો અને સાંસદોને આવેદનપત્ર આપતી વખતે દરેક પ્રશ્નની ચર્ચા વિગતવાર કરવામાં આવશે તેમજ ધારાસભ્યો તથા સંસદ સભ્યો પોતાના લેટરપેડ ઉપર મુખ્યમંત્રીને પ્રશ્નોના નિકાલ માટે રજૂઆત કરે તે માટે પત્ર લખવા માટે વિનંતી કરવામાં આવશે. ત્યારબાદ ૩૧ જુલાઈથી એક અઠવાડીયા દરમ્યાન દરેક શાળાના સંચાલક, આચાર્ય, શિક્ષક તથા વહીવટી કર્મચારી મુખ્યમંત્રીને પડતર પ્રશ્નો બાબતે વ્યક્તિગત રજીસ્ટર એડીથી પત્ર લખશે. આ માટે આગામી દિવોસમાં સંકલન સમિતિ દ્વારા પત્રનો નમુનો પણ આપવામાં આવશે. સંકલન સમિતિ દ્વારા અગાઉ આપેલા આંદોલનના કાર્યક્રમ અંગે સ્પષ્ટતા પણ કરી હતી કે, **BLO**ની કામગીરી, એકમ કસોટીના ઓનલાઈન માર્કસની એન્ટ્રી, યુવા ઉત્સવ, કલા ઉત્સવ, વિજ્ઞાન-ગણિત પ્રદર્શન, ખેલ મહાકુંભ, ગુણોત્સવ તથા સરકાર દ્વારા આપવામાં આવતી અન્ય તમામ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ તથા મીટીંગ સહિતની તમામ કામગીરીનો બહિષ્કાર કરવાનો નવો આદેશ ન મળે ત્યાં ચાલુ રાખવાનો છે. જોકે, હાલમાં ચાલતી આચાર્ય ભરતી સંબંધિત કામગીરી કરવાની રહેશે તેવી સ્પષ્ટતા કરાઈ છે.

# રાજ્યના મુખ્ય ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૬૪.૯૭ ટકા જળસંગ્રહ

ગાંધીનગર, તા.૨૮ રાજયમાં વરસી રહેલા વરસાદને કારણે રાજયના મહત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૬૪.૯૭ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં રાજયની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૨,૩૪,૯૦૫ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ છે જે કુલ જળસંગ્રહ શકિતના ૭૦.૩૧ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. સ્ટેટ ફલડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવ્યાનુસાર તા. ૨૫ જુલાઈ, ૨૦૨૩ની સ્થિતિએ રાજયભરમાં ૫૮ જળાશયો એવા છે કે જેમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. ૬૧ જળાશયોમાં (સરદાર સરોવર સહિત) ૭૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ, ૩૦ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા જળસંગ્રહ, ૩૮ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકા જળસંગ્રહ, ૧૯ જળાશયોમાં ૨૫ ટકા કરતાં ઓછો જળસંગ્રહ થયો છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો, કચ્છના ૨૦ જળાશયો તથા સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયમાં થઈ રહેલા વરસાદના પરિણામે ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયેલા ૫૮ જળાશયો તથા ૯૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ થયેલા ૨૯ જળાશયો મળી કુલ ૮૭ જળાશયો હાઈ એલર્ટ ઉપર છે. જયારે ૮૦ ટકાથી ૯૦ ટકા જળસંગ્રહ ધરાવતા ૧૬ જળાશયો એલર્ટ ઉપર અને ૭૦ ટકાથી ૮૦ ટકા જળસંગ્રહ ધરાવતા ૧૫ જળાશયોને સામાન્ય ચેતવણી આપવામાં આવી છે.

# મુકેશ અંબાણીના ભાઈ અનિલ અંબાણીની કંપની મહારાષ્ટ્ર સરકાર પાસેથી લીઝ ઉપર લીધેલા પાંચ એરપોર્ટ શા માટે ગુમાવી શકે છે ?

મુંબઈ તા.૨૮ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં જાહેરાત કરી હતી કે, રિલાયન્સ એરપોર્ટ ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ (**RADPL**) કંપની મહારાષ્ટ્ર સરકાર દ્વારા તેને લીઝ ઉપર આપવામાં પાંચ એરપોર્ટ ગુમાવશે. ૨૦૦૯માં, મહારાષ્ટ્ર સરકારે અનિલ અંબાણીના રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચરના વિભાગ **RADPL**ને એરપોર્ટ માટે ૩૦ વર્ષની લીઝ આપી હતી. આ પાંચ એરપોર્ટમાં બારામતી, નાંદેડ, લાતુર, યવતમાલ અને ઉસ્માનાબાદનો સમાવેશ થાય છે. તે તમામ હાલમાં બિન-કાર્યકારી છે. દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભા દરમ્યાન જણાવ્યું હતું કે, **RADPL** એરપોર્ટની જાળવણી કરી રહ્યું નથી અને વૈધાનિક લેણાં પણ ચૂકવવામાં આવતા નથી જેના કારણે નાંદેડ એરપોર્ટ બંધ કરવામાં આવ્યું હતું. અમે એડવોકેટ જનરલ સાથે આ એરપોર્ટનો કબજો મેળવવાની કાયદેસરતા અંગે ચર્ચા કરીશું. રાજ્ય સરકાર પાંચ એરપોર્ટ માટે તમામ બાકી રકમ પણ ચૂકવશે અને પેઢી પાસેથી આ રકમ વસૂલ કરશે. ફડણવીસે પ્રાદેશિક જોડાણ મુદ્દાના જવાબમાં આ ઘોષણા કરી હતી. વરિષ્ઠ કોંગ્રેસી અશોક ચવ્હાણના જણાવ્યા અનુસાર, રાજ્યના અંદાજે ૩૨ એરપોર્ટમાંથી માત્ર ૧૧ એરપોર્ટ કાર્યરત છે. કોંગ્રેસના નેતાએ નોંધ્યું હતું કે નાંદેડ એરપોર્ટને નોંધપાત્ર સમય માટે બંધ કરવામાં આવ્યું હતું અને મુંબઈ એરપોર્ટ પણ મોટા શહેરોની ફલાઈટ્સ માટે પૂરતા સ્લોટ આપી રહ્યું નથી, જેના કારણે આંતરરાજ્યની મુસાફરી મુશ્કેલ બની છે. ફડણવીસના જણાવ્યા અનુસાર તેઓ મુંબઈ એરપોર્ટ ઉપર વધારાના સ્લોટ શરૂ કરવા માટે કામ કરશે. તે ટૂંક સમયમાં મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (**MIAL**)ના પ્રતિનિધિઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજશે અને તેમને રાજ્યના મુખ્ય શહેરો માટે વધુ સ્લોટ ફાળવવા નિર્દેશ કરશે. ફડણવીસે દાવો કર્યો હતો કે નવી મુંબઈ એરપોર્ટ આવતા વર્ષે કાર્યરત થઈ જશે.

# વિશ્વની ૫૦ ટકા વસ્તી ઉપર ડેન્ગ્યુનું જોખમ તોળાય છે

વોશિંગ્ટન, તા.૨૮ દુનિયાની ૫૦% વસતી ઉપર ડેન્ગ્યૂનું જોખમ તોળાઈ રહ્યું છે એટલે કે લગભગ ૪ અબજ લોકો એવી જગ્યાઓ ઉપર રહે છે જ્યાં ડેન્ગ્યૂની બીમારી સરળતાથી ફેલાઈ શકે છે. દર વર્ષે ૪૦ કરોડ લોકો તેનાથી સંક્રમિત થાય છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)એ ગત અઠવાડિયે જ આ મામલે ચેતવણી જાહેર કરી હતી કે દુનિયાભરમાં ડેન્ગ્યૂથી આશરે ૧૨૯ દેશો પ્રભાવિત થશે. ડબલ્યુએચઓના વૈશ્વિક કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમન વેલાયુધને કહ્યું કે ડેન્ગ્યૂના કેસ સતત વધી રહ્યા છે. ૨૦૦૦ની સાલમાં દુનિયાભરમાં ૫ લાખ કેસ સામે આવ્યા હતા. જોકે ૨૦૨૨માં તે વધીને ૪૨ લાખને વટાવી ગયા છે એટલે કે ડેન્ગ્યૂના કેસમાં ૮ ગણો વધારો નોંધાયો છે. ડેન્ગ્યૂ સૌથી સામાન્ય વાયરલ સંક્રમણ છે જે મચ્છર દ્વારા લોકો સુધી ઝડપથી ફેલાય છે. ડેન્ગ્યૂથી પીડિત લોકો એકથી બે સપ્તાહમાં ઠીક થઈ જાય છે પણ અમુક લોકોને ગંભીર ડેન્ગ્યૂ થાય છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડે છે.

# ‘એવોર્ડ-વાપસી’ને રોકવા માટે સંસદીય સમિતિએ એવોર્ડ આપતા પહેલાં પ્રાપ્તકર્તાઓ પાસેથી સંમતિપત્ર ઉપર સહી લેવાનું સૂચન કર્યું

નવી દિલ્હી તા.૨૮ સંસદીય સમિતિએ “રાજકીય કારણો”ને કારણે પુરસ્કારો પરત કરવાના વલણને ઓછો કરવા માટે એવી દરખાસ્ત કરી છે કે, સરકારી પુરસ્કારોના પ્રાપ્તકર્તાઓ પાસેથી તેમની લેખિત સંમતિ લેવી જોઈએ અને સન્માન આપવામાં આવે તે પહેલાં એક બાંયધરી ઉપર હસ્તાક્ષર કરવા જોઈએ. આ ‘એવોર્ડ-વાપસી’ને રોકવા માટે કહેવામાં આવ્યું છે. પરિવહન, પર્યટન અને સંસ્કૃતિ ઉપરની સંસદીય સમિતિએ સંસદમાં ‘રાષ્ટ્રીય અકાદમી અને અન્ય સાંસ્કૃતિક સંસ્થાની કામગીરી’ શીર્ષક હેઠળનો અહેવાલ રજૂ કર્યો હતો. આ સમિતિ સૂચવે છે કે જ્યારે પણ એવોર્ડ આપવામાં આવે છે, ત્યારે પ્રાપ્તકર્તાની સંમતિ લેવી આવશ્યક છે, જેથી તે/તેણી રાજકીય કારણોસર તેને પરત ન કરે; કારણ કે તે દેશ માટે શરમજનક છે. **YSRCP**ના વિજય સાઈ રેડ્ડીની આગેવાની હેઠળની સમિતિના અગ્રણી સભ્યોમાં ડો. સોનલ માનસિંહ, મનોજ તિવારી, ચેદી પહેલવાન, દિનેશ લાલ યાદવ ‘નિરૂહા’, તીરથ સિંહ રાવત, ૨ રજની પાટિલ, તાપીર ગાઓ અને રાજીવ પ્રતાપ રૂડી છે. આ દરખાસ્તને યોગ્ય ઠેરવતા સમિતિએ કહ્યું કે સાહિત્ય અકાદમી અને અન્ય સંસ્થાઓ બિનરાજકીય સંસ્થાઓ છે જેમાં રાજકારણ માટે કોઈ સ્થાન નથી. અકાદમી દ્વારા આપવામાં આવેલા પુરસ્કારો (જેમ કે સાહિત્ય અકાદમી પુરસ્કારો) પ્રાપ્તકર્તાઓ, જેઓ અમુક રાજકીય મુદ્દાઓ જે સાંસ્કૃતિક ક્ષેત્રો અને સંબંધિત અકાદમીની સ્વાયત્ત કામગીરીની બહાર છે તેના વિરોધમાં તેમના પુરસ્કારો પરત કરે છે. આ પુરસ્કારો પરત કરવા એ અન્ય પુરસ્કારોની સિદ્ધિઓને નબળી પાડે છે અને પુરસ્કારોની એકંદર પ્રતિષ્ઠાને પણ અસર કરે છે. સમિતિએ અકાદમીમાં આવા પુરસ્કારોની પુર્નઃ સંલગ્નતા ઉપર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો અને ભલામણ કરી હતી કે શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારોની પૂર્વ સંમતિ લેવામાં આવે. અને પુરસ્કાર મેળવનારાઓ ભવિષ્યમાં કોઈપણ સમયે આ એવોર્ડનું અપમાન કરી શકે નહીં. આવા બાંયધરી વિના પુરસ્કારો આપવામાં આવશે નહીં. જો એવોર્ડ પરત કરવામાં આવે તો, એવોર્ડ મેળવનારને ભવિષ્યમાં આવા એવોર્ડ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. જો કે, સમિતિને આંતરિક વિરોધનો સામનો કરવો પડ્યો હતો, જેમાં બે સભ્યોએ “લેખિત સંમતિ” મેળવવાની ભલામણ સામે વાંધો ઉઠાવ્યો હતો. અહેવાલમાં જણાવાયું છે કે એક સભ્યએ સમિતિને સરકારને સખત ભલામણ કરવા જણાવ્યું હતું કે જેના વિરોધમાં પુરસ્કારો પરત કરવામાં આવ્યા છે એવા વાસ્તવિક મુદ્દાઓ ઉપર ધ્યાન આપવામાં આવે અને તેમને ઉકેલવા માટે કામ કરે. તેને અન્ય એક સભ્ય દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. અસંમત સભ્યોએ દલીલ કરી હતી કે ભારત એક લોકશાહી દેશ છે અને બંધારણે દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને કોઈપણ સ્વરૂપમાં વિરોધ કરવાની સ્વતંત્રતા પ્રદાન કરી છે. પુરસ્કારો પરત કરવા એ માત્ર વિરોધનું સ્વરૂપ છે. વિપક્ષી સાંસદો કોંગ્રેસના કાર્તિ ચિદમ્બરમ અને ડીએમકેના ટીકેએસ એલાન્ગોવનને પણ સમિતિની ભલામણો સામે વાંધો ઉઠાવ્યો હતો અને કાર્તિ ચિદમ્બરમે કહ્યું કે, તે એક હાસ્યાસ્પદ સૂચન છે જે વિરોધ કરવાના અધિકાર સહિત અભિવ્યક્તિના મૂળભૂત અધિકારને છીનવી લે છે. દરેક પુરસ્કાર મેળવનારને તેઓ એવોર્ડ સ્વીકારવા માંગે છે કે નહીં તે અંગે તેમના અભિપ્રાયનો અધિકાર છે.

# ૨૬૬ માછીમારો અને ૪૨ નાગરિકો પાકિસ્તાની જેલોમાં કેદ

## રાજ્યકક્ષાના વિદેશમંત્રીનો રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીને જવાબ

મુંબઈ, તા.૨૮

પાકિસ્તાનની જેલમાં જુલાઈ ૧, ૨૦૨૩ના રોજ ભારતીય અથવા તો ભારતીય હોવાનું મનાતા ૨૬૬ માછીમારો તથા ૪૨ નાગરિકો કેદ છે. જ્યારે પાકિસ્તાની અથવા તો પાકિસ્તાની હોવાનું મનાતા ૩૪૩ નાગરિકી કેદીઓ અને ૭૪ માછીમારો ભારતની કસ્ટડીમાંછે. ૨૦૧૪નીસાલથી પાકિસ્તાનમાંથી ૨૫૫૯ ભારતીય માછીમારોને વતન પરત મોકલાયા છે જેમાં ૩૯૮ ભારતીય માછીમારો એવા પણ છે કે જેઓ આ વર્ષે પાકિસ્તાનમાંથી વતન પરત આવ્યા છે. રાજ્યકક્ષાના વિદેશમંત્રી વી મુરલીધરને ૨૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ સાંસદ પરિમલનથવાણી દ્વારા કરાયેલા પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી પૂરી પાડી હતી.

મંત્રીના નિવેદન અનુસાર, ૨૧ મે ૨૦૦૮ના રોજ હસ્તાક્ષર કરાયેલા ભારત-પાકિસ્તાન 'એગ્રિમેન્ટ ઓન કોન્સ્યુલર એક્સેસ' અનુસાર, બંને દેશના નાગરિકી કેદીઓ અને માછીમારો, કે જેમને એકબીજાની જેલમાં કેદ કરવામાં આવેલા હોય છે તેમની યાદી દર વર્ષે ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈના રોજ એકબીજાને આપવામાં આવે છે.



પરિમલ નથવાણી પાકિસ્તાની જેલોમાં કેદ કરાયેલા ભારતીય કેદીઓ, ખાસકરીને ભારતીય માછીમારો ઉપરાંત ભારતની જેલમાં કેદ પાકિસ્તાની કેદીઓ, ખાસ કરીને પાકિસ્તાની માછીમારોની વિગતો જાણવા માગતા હતા. આ ઉપરાંત તેઓએ પણ જાણવા ઈચ્છતા હતા કે, અજાણતા એકબીજાની દરિયાઈ સીમા ઓળંગી જનારા માછીમારોના કિસ્સામાં કામ ચલાવવા બંને દેશના સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશોના બનેલા સમાન ન્યાયિક તંત્રની સ્થાપના જેવી કોઈ દરખાસ્ત તેમજ બંને દેશના નિર્દોષ માછીમારો માટે લાભદાયી નિવડે તે માટે આવી કોઈ વ્યવસ્થા અંગે વિચારણા માટે બંનેમાંથી કોઈ પણ સરકાર કાર્યરત છે કે કેમ ?.

મંત્રીના નિવેદન અનુસાર, ભારત અને પાકિસ્તાનની સરકારો દ્વારા ૨૦૦૮માં બંને બાજુના નિવૃત્ત ન્યાયાધીશોની બનેલી 'ઈન્ડિયા-પાકિસ્તાન જોઈન્ટ જ્યુડિશિયલ કમિટિઓન પ્રિઝનર્સ'ની સ્થાપના કરાઈ હતી જે કેદીઓ તથા માછીમારો સાથે માનવીય વ્યવહાર માટે પગલાં ઉપરાંત તેમની ઝડપી મુક્તિ માટે ભલામણ કરવાની હતી. આ નિવેદનમાં એવો પણ ઉલ્લેખ કરાયો હતો કે, અત્યારસુધીમાં બંને દેશ દ્વારા આ કમિટિની વારાફરતી સાત મિટિંગનું પણ આયોજન કરાઈ ચૂક્યું છે.

આ નિવેદન અનુસાર, ભારતીય માછીમારોના કલ્યાણ, સુરક્ષા અને સલામતીને સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. પાકિસ્તાન દ્વારા ભારતીય માછીમારોને પકડવાના કેસનો રિપોર્ટ થાય છે કે તુરત પાકિસ્તાન સરકાર પાસેથી કોન્સ્યુલર એક્સેસની ઈસ્લામાબાદ સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા માગણી કરવા માટે ત્વરિત પગલાં લઈ લેવાય છે. મંત્રીના નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, કોન્સ્યુલર એક્સેસ દરમ્યાન, ભારતીય હાઈ કમિશનના અધિકારીઓ પાકિસ્તાની જેલોમાંભારતીય માછીમારોની મુલાકાત લઈને તેમની સુખાકારી સુનિશ્ચિત કરવા સાથે તેમના રોજિંદા-વપરાશની ચીજોનું વિતરણ કરે છે. ભારતીય માછીમારોને કાનૂની સહાયતા સહિત તમામ સંભવિત મદદ પૂરી પડાય છે. પાકિસ્તાન સરકાર સમક્ષ ભારતીય માછીમારોના વહેલામાં વહેલી તકે છૂટકારાના મુદ્દાને સતત ઉઠાવવામાં આવે છે અને આ મુદ્દા અંગે સંપૂર્ણપણે માનવતા તથા આજીવિકાના ધોરણે જ વિચારણા કરવામાં આવે તેવી લાગણી પણ પાઠવવામાં આવે છે, એમ આ નિવેદનમાં જણાવાયું હતું.

# પવિત્ર પરસોતમ માસ નિમીતે માંગરોળમાં શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞનુ આયોજન કરાયું

## કથાકાર શાસ્ત્રીજીનું વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બહુમાન કરાયું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૮



જૂનાગઢના માંગરોળના ટાવર પાસે આવેલ સીટી સેન્ટર ડેવલપમેન્ટ એપાર્ટમેન્ટના મધ્યમાં શ્રીરામ પરાયણ જ્ઞાનયજ્ઞ રામ કથાનું સુંદર અને ભક્તિમય આયોજન કરાયું છે. પવિત્ર પરસોતમ માસ નિમીતે ખીમજીભાઈ રામજીભાઈ પરમાર પરિવાર દ્વારા એપાર્ટમેન્ટમાં રહીશોના સાથ સહકારથી આયોજન કરેલ કથામાં માંગરોળના કથાકાર નાગેન્દ્ર વોરા શાસ્ત્રીજી વ્યાસપીઠે બીરાજી તેમના મધુર સ્વરે સંગીત શૈલીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે. દરરોજ અલગ-અલગ ભક્તિમય કાર્યક્રમો સાથે કથામાં આસપાસના ભાઈઓ-બહેનો વડીલો લાભ લઈ રહ્યા છે. ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના વિનુભાઈ મેસવાણિયા, પ્રકાશભાઈ લાલવાણી, પ્રફુલભાઈ નાંદોલા, ધવલ પરમાર, વિરંજીભાઈ શુક્લ, સુરેશભાઈ સોલંકી સહિત આગેવાનો દ્વારા શાસ્ત્રીજીને ફુલહાર શાલ ઓઢાળી અને મુકેશભાઈ પરમાર અને પરિવારને ખેસ પહેરાવી સંમાનિત કરવામાં આવ્યા હતા અને આ ભક્તિમય કથાનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# રાજકોટમાં IFB એપ્લાયન્સીઝની વિવિધ પ્રોડકટનું એકઝીબીશન

## એક્ઝીબીશનમાં રેફ્રિજરેટરની નવી કેટેગરી પણ લોન્ચ કરવામાં આવી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૮

લગભગ ૫૦ લાખથી વધુ ગ્રાહકોના સંતોષ અને વિશ્વાસનાં પાયા ઉપર ઉભેલી અને હોમ એપ્લાયન્સીઝ ક્ષેત્રે અગ્રીમ હરોળનું સ્થાન ધરાવતી આઈ.એફ.બી. ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તા.૨૮ જુલાઈ સુધી રાજકોટમાં આઈ.ટી.સી. ફોર્ચ્યુન (મવડી ચોકડી પાસે) ખાતે એક્ઝીબીશન યોજવામાં આવ્યું. આ એક્ઝીબીશનમાં વિવિધ પ્રકારના હોમ એપ્લાયન્સીઝની નવી નવી રેન્જ પ્રદર્શિત કરવામાં આવશે. કંપનીને એવી આશા છે કે, રાજકોટ જ નહી પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના ગ્રાહકોને આ નવી રેન્જ પસંદ આવશે. આ એક્ઝીબીશન જાહેર જનતા માટે આજે તા.૨૮ જુલાઈના ખુલ્લું રહેશે. જ્યાં એક જ સ્થળે લોકો IFBની વિશાળ પ્રોડક્ટ શ્રેણી જોઈ શકશે તો આ મોકો ચૂકશો નહિ. આ એક્ઝીબીશનમાં ફ્રન્ટ લોડ વોશિંગ મશીન, ટોપ લોડ વોશિંગ મશીન, માઈક્રોવેવ ઓવન, એર કન્ડિશન્ડ, હોબ (સ્ટોવ), ચીમની (રસોડું), રેફ્રિજરેટર, ક્લોથ ડ્રાયર, ડીશવોશર, વોશર । ડ્રાયર । રિફ્રેશર, ઔદ્યોગિક ડીશવોશર અને વોશિંગ મશીન સહિતની નવી પ્રોડક્ટ પ્રદર્શિત કરવામાં આવી રહી છે. આ એક્ઝીબીશનમાં રેફ્રિજરેટરની નવી કેટેગરી પણ લોન્ચ કરવામાં આવી જેની ખુબ સરાહના થઈ રહી છે. આ એક્ઝીબીશનમાં આઈ.એફ.બી.ઈન્ડસ્ટ્રીઝ વતી બ્રાંચબીઝનેસમેનેજર લાલસિંહ રાણાવત, એરિયા સેલ્સ મેનેજર દિલીપ કાથડ, ગુજરાતના વિતરક સિદ્ધાર્થ મહેતા અને એરિયા સેલ્સ મેનેજર યોગેશ ગોંડલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કંપનીને વિશ્વાસ છે કે, આઈ.એફ.બી.નાં પ્રોડક્ટ ઘરે ઘરે જાણીતા છે અને આ એક્ઝીબીશનમાંપ્રદર્શિત થનારી આ પ્રોડક્ટની નવી રેન્જ લોકોને વધુ સારી સુવિધા પૂરી પાડશે.

# માંગરોળ પોલીસ વિભાગ દ્વારા મહોરમ પર્વ નિમિત્તે શાંતિ સમિતિની મિટિંગ યોજી

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૮



જૂનાગઢ જિલ્લાના માંગરોળખાતે પોલીસ વિભાગ દ્વારા શાંતિ સમિતિની મિટિંગ યોજી હતી. શનિવારે ૧૦ મોહરમ યૌમે આશૂરા દિવસને લઈને શહેરના હિન્દુ-મુસ્લિમ આગેવાનો સાથે સંવાદ કર્યો હતો. દસ મોહરમ આશૂરાના દિવસે તાજીય જૂલૂસ બાબતે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી. આ તકે પીએસઆઈ સોલંકી મેડમે ટ્રાફિકને લગતા પ્રશ્નો વિશે પણ ચર્ચાઓ કરી હતી અને હાલમાં માંગરોળમાં ભારે વરસાદમાં લોકોએ કરેલી માનવસેવાને પણ બિરદાવી હતી. આ મીટીંગમાં પીએસઆઈ સોલંકી મેડમ, જમાદાર સમીના બેલીમ, કોન્સ્ટેબલ ડાફડા, મુસ્લિમ સમાજના પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલા, હનીફ બતક, યુસુફ ચાંદ, નિલેશ સોમૈયા, પરસોત્તમ કેશવ, રમેશભાઈ જોષી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડો.હરિભાઈ ગોધાણી કેમ્પસનું ઉત્કૃષ્ટ પરીણામ

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢની નામાંકિત સંસ્થા જેમના આધ્યસ્થાપક વંદનીય ડો.હરિભાઈ ગોધાણી છે એ સંસ્થા એટલે ડો.હરિભાઈ ગોધાણી કેમ્પસ – જોશીપુરા, જૂનાગઢ. આ સંસ્થાની અંદર કેજીથી પીજી સુધીના અભ્યાસક્રમો કાર્યરત છે. ત્યારે સંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓ સતત આગળ વધતાં રહે તે હેતુથી સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી અને સંસ્થાનો સમગ્ર સ્ટાફ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન આપતા રહે છે. જે આપ અમારા પરિણામો ઉપરથી કહી શકો છો. જે અંતર્ગત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એલ એલ. બી. સેમેસ્ટર-૪ની પરીક્ષામાં શ્રી સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ - જોશીપુરા, જૂનાગઢ સંચાલિત શ્રી એચ.એમ.પટેલ મહિલા લો કોલેજ - જોશીપૂરા, જૂનાગઢ (ગુજરાતની પ્રથમ એકમાત્ર મહિલા લો કોલેજ)ના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કર્યુ છે. જેમાં કોલેજમાં પ્રથમ સ્થાન પાનસુરિયા ટ્વીંકલ, દ્વિતીય સ્થાન અઘેરા કૃષાલી અને તૃતીય સ્થાન ભારાઈ નિહા અને હુસૈની તનજીલાબાનુંએ પ્રાપ્ત કરી સંસ્થા તેમજ પોતાના માતા-પિતાનું નામ રોશન કર્યુ હતું. તેમજ સમગ્ર કોલેજનું પરિણામ ૯૮% રહ્યું હતું. જે બદલ સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા અને તમામ ટ્રસ્ટીઓએ તમામ વિદ્યાર્થીઓ અને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ હિરલબેન જોશી અને સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા અને સાથે સતત આગળ વધતા રહી ઉત્કૃષ્ટ પરિણામ લાવી અને સંસ્થાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવેલ હતી.

# કેએસપીસી ખાતે 'TRANSFORM YOUR IMAGE:UNLEASHING THE POWER OF BUSINESS DRESSING' એ વિષયે આજે સાંજે હિરલ ઝાલાના માર્ગદર્શક વાર્તાલાપનું આયોજન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૮

રાજકોટની કચ્છ–સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલ દ્વારા **'TRANSFORM YOUR IMAGE : UNLEASHING THE POWER OF BUSINESS DRESSING'** એ વિષયે સર્ટિફાઈડ ઈમેજ કન્સલ્ટન્ટ અને સોફટ સ્કિલ ટ્રેનર હિરલ ઝાલાના વાર્તાલાપનો કાર્યક્રમ કાઉન્સીલના બાન હોલ ખાતે આજ તા.૨૮/૭/૨૦૨૩ના રોજ સાંજે ૫:૩૦ કલાકે યોજવામાં આવેલ છે.

આ વાર્તાલાપના વકતા હિરલ ઝાલાએ જણાવેલ છે કે આ કાર્યક્રમમાં પર્શનલ બ્રાન્ડીંગ ઉપર ચર્ચા કરવામાં આવશે કે લોકો પોતાની છાપ કઈ રીતે ઉભી કરી શકે અને તેના દ્વારા પોતાના બીઝનેસ કે નોકરીમાં આગવી ઓળખ મેળવી શકે. કોઈ વ્યકિત પોતાના વ્યકિતત્વને સુધારીને સમાજ અને ઉદ્યોગમાં પ્રગતિ લાવી શકે છે તે વિષય ઉપર આ કાર્યક્રમમાં ચર્ચા કરવામાં આવશે. કાઉન્સીલના સભ્યો, રસ ધરાવતા નાગરીકો, ઉદ્યોગપતિઓ તેમજ વિદ્યાર્થીઓને આ વાર્તાલાપમાં ભાગ લેવા કાઉન્સીલના માનદ મંત્રી ડી.જી.પંચમીઆએ હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

# માણાવદર તાજીયાના રૂટ ઉપર મુસ્લીમ આગેવાનો સાથે પોલીસે ફુટ પેટ્રોલીંગ કર્યુ



માણાવદર, તા.૨૮

માણાવદરના પોલીસ સબ ઈન્સ્પેક્ટર બારોટે માણાવદર મુસ્લીમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલ તથા ટ્રસ્ટી નિશારભાઈ ઠેબા અને અજીતભાઈ શમા વગેરેને સાથે રાખી પોલીસ કાફલા સાથે મહોરમ નિમિતે તા.૨૮ તથા ૨૯ના નિકળનાર તાજીયાના ઝુલુસના નિયત રૂટ ઉપર ફુટ પેટ્રોલીંગ કર્યુંહતું. રૂટમાં આવતા રસ્તાનું નિરીક્ષણ કર્યું હતું. રસ્તામાં પડેલા ખાડા તથા નડતરરૂપ ઝાડવા, ઈલેકટ્રીક વાયરો વગેરે બાબતે જરૂરી સુચનાઓ આપી હતી. મહોરમ નિમિતે અને તાજીયાના ઝુલુસ સબંધે ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટે બહાર પાડેલ જાહેરનામાની વિગતો સમજાવી તેનું પાલન કરવા સુચનાઓ આપી હતી. તાજીયાના રૂટ ઉપર ફુટ પેટ્રોલીંગ કરી કાયદો અને વ્યવસ્થા જળવાય એ માટે આગોતરૂં આયોજન કરનાર માણાવદરના નવ નિયુકત પોલીસ સબ ઈન્સ્પેકટર બારોટની કામગીરીને માણાવદર મુસ્લીમ સમાજના પ્રમુખ સહીતના ટ્રસ્ટી મંડળે, વેપારી મંડળે તથા હિન્દુ-મુસ્લીમ સમાજના તમામ આગેવાનોએ આવકારી હતી.

# ઓખા GMB તંત્ર આખરે આકરા પાણીએ થયું



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા, તા.૨૮

બેટ-દ્વારકા ફેરી બોટ સર્વિસની 'દરિયા દોલત' અને 'સુલેમાની' આ બન્ને બોટ અનિશ્ચિત સમય માટે સસ્પેન્ડ કરાઈ. સર્વિસ બંધ હોવા છતાં બોટ ચલાવાનો ગંભીર ગુન્હાનો આકરો દંડ ઓખા જીએમબીએ કરતા બોટ માલિકોમાં ફફળાટ ફેલાયો છે.

# ખંભાળિયા શહેરનું સરકારી રેસ્ટ હાઉસ જર્જરીત : બંધ કરવાનો નિર્ણય

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮





ખંભાળિયા શહેરની મધ્યમાં આવેલું સરકારી સરકીટ હાઉસ ખૂબ જ જર્જરિત હોય, આ પરિસ્થિતિમાં કોઈ અકસ્માત ન સર્જાય તે હેતુથી આ સર્કિટ હાઉસ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ખંભાળિયા શહેરમાં આવેલા જોધપુર ગેઈટ વિસ્તારમાં દાયકાઓ જૂનું પી.ડબ્લ્યુ.ડી. પંચાયત વિભાગ હસ્તકનું સરકીટ હાઉસ કે જેમાં નાના મોટા ચાર રૂમ આવેલા છે. આ સર્કિટ હાઉસની ઈમારત ખૂબ જ જૂની અને જર્જરીત બની ગઈ હોય, તેમાં અવારનવાર પોપડા ખરે છે. ત્યારે આ સર્કિટ હાઉસની છત ઉપર સળિયાઓ પણ હવે દેખાઈ ગયા હોવાથી સલામતી માટે આ સરકીટ હાઉસ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા દાયકાઓથી અહીં સરકારી અધિકારીઓ તેમજ સરકારી મહેમાન અને તેઓના પરિવારો રોકાણ અર્થે આવે છે. ત્યારે શહેરની મધ્યમાં આવેલું આ સરકીટ હાઉસ સુવિધારૂપ અને મહત્વનું બની રહ્યું છે. જયારે આ સરકીટ હાઉસનું રીનોવેશન કરી અને કે અહીં અન્ય રૂમો બનાવીને તેનો ઉપયોગ પણ કરી શકાય તેવું હોય, આ બાબતે સરકારી તંત્ર દ્વારા જરૂરી પગલા લેવામાં આવે તેવી માંગ પણ ઉઠી છે. અત્રે ઉલ્લેખ છે કે વર્ષ ૨૦૧૩ થી દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ અસ્તિત્વમાં આવ્યો છે. પરંતુ અહીં એકેય સુવિધા રૂપ રેસ્ટ હાઉસ નથી. થોડા સમય પૂર્વે સ્ટેટ વિભાગ દ્વારા અત્રો દ્વારકા હાઈવે ઉપરના સ્ટોર પાસે નવું સરકીટ હાઉસ બનાવવામાં આવ્યું છે. પરંતુ તે હજુ ખુલ્લું ન મૂકાતા હવે જિલ્લાનું મુખ્ય મથક સરકીટ હાઉસની સવલત વિહોણું બન્યું છે. અહીંના જોધપુર ગેઈટ પાસેનું જૂનું સરકારી ગેસ્ટ હાઉસ પોપડા પડતા હવે મહેમાનો માટે બંધ કરી દેવામાં આવ્યું છે.

# મેંદરડા આઈટીઆઈમાં બીજા રાઉન્ડ માટે ચોઈસ ફીલિંગ કરવાની છેલ્લી તા.૩૦ જુલાઈ

જૂનાગઢ,તા.૨૮

મેંદરડા આઈટીઆઈ માં બીજા રાઉન્ડ માટે ચોઈસ ફીલિંગ કરવાની છેલ્લી તા.૩૦ જુલાઈ છે. રોજગાર અને તાલીમ ખાતા ગાંધીનગરના નિયંત્રણ હેઠળની રાજ્યની સરકારી આઈ.ટી.આઈ મેંદરડા ખાતે પ્રવેશ ઓગસ્ટ ૨૦૨૩માં મંજૂર થયેલ પ્રથમ બેઠકોમાં પ્રથમ રાઉન્ડના અંતે ખાલી રહેતી બેઠકો માટે પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારો એ આઈ.ટી.આઈ મેંદરડા ખાતેથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી રૂપિયા ૫૦ રજીસ્ટ્રેશન ફી સાથે જરૂરી બધા જ પ્રમાણપત્રોની ખરાઈ કરાવી બીજા રાઉન્ડ માટે ચોઈસ ફીલિંગ કરવાની છેલ્લી તા.૩૦/૭/૨૦૨૩ છે. આ પ્રવેશ બાબતે વધુ માહિતી માટે આઈટીઆઈ મેંદરડા નો સંપર્ક ૦૨૮૭૨- ૨૪૨૨૫૫ નંબર ઉપર કરવા એક અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શનિવારે પદ્મિની એકાદશીનું મહત્વ અને પૂજન

પુરૂષોત્તમ માસમાં આવતી આ એકાદશીનું મહત્વ અનેકગણું છે. અધિક શ્રાવણ સુદ અગિયારસ તા.૨૯-૭-૨૩ને શનિવારે પદ્મિની એકાદશી છે એટલે કે, પુરૂષોત્તમ માસમાં આવતી બે એકાદશીમાં શુદ પક્ષમાં આવતી એકાદશી ને પદ્મિની એકાદશી તરીકે ઓળખાય છે. આ એકાદશીનું બીજું નામ કમલા એકાદશી પણ છે. આ એકાદશીનું વ્રત કરવાથી તમામ વ્રતોનું ફળ પ્રાપ્ત થાય છે. સવારે નિત્યકર્મથી પરવારી પાણીની ડોલમાં થોડું ગંગાજળ પધરાવી ત્યારબાદ વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરી સ્નાન કરવું. સ્નાન બાદ મંદિરે જઈ અને શિવલિંગ ઉપર જળ ચડાવવું અને ત્યારબાદ ઘરે આવી એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર વિષ્ણુ ભગવાનની છબી રાખવી બાજુમાં દીવો કરવો વિષ્ણુ ભગવાનને ચંદનના ચાંદલો ચોખા કરી અબીલ, ગુલાલ, કંકુ પધરાવું ત્યારબાદ ભગવાનની છબી આગળ ચોખાની ઢગલી કરી તેના ઉપર એક ત્રાંબાનો અથવા માટીનો કળશ લઈને ચોખાની ઢગલી ઉપર રાખવો કળશમાં પાણી પધરાવી અબીલ, ગુલાલ, કંકુ, સોપારી, રૂપિયો પધરાવો ત્યાર બાદ આસોપાલવના પાંચ પાન પધરાવવા અને તેના ઉપર શ્રીફળ રાખવું. ત્યારબાદ વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ બોલવા અથવા તો વિષ્ણુ ભગવાનના ૧૦૮ નામ પણ બોલી શકાય ત્યારબાદ ભગવાનને નેવેધ સાકાર અર્પણ કરવી આરતી કરવી અને ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરવી. બીજે દિવસે રવિવારે સવારના જળના લોટામાંથી જળ લઈ અને આખા ઘરમાં છાંટવું અને સ્થાપનનુંવિસર્જન કરવું આ પૂજન વૈદિક બ્રાહ્મણ બોલાવીને વૈદિક મંત્રચાર દ્વારા વિધિવત પણ ઘરે કરી શકાય છે. આ એકાદશીનું વ્રત માત્ર જળ લઈને પણ કરી શકાય છે. આ ઉપરાંત માત્ર દુધ અને જળ પણ લઈ શકાય છે. જે લોકો માટે ઉપવાસ શક્ય ન હોય તેઓ એકટાણું પણ કરી શકે છે. આ દિવસે કથા સાંભળીને આખી રાત અથવા રાત્રે ૧૨ વાગ્યા સુધી જાગરણ કરવું જોઈએ. સાંજના સમયે ભગવાનને શ્રીફળ અથવા તો સોપારી અર્પણ કરવી. આ રીતે વ્રત કરવાથી જીવનના મહત્વપૂર્ણ અટકેલાં કામો પૂર્ણ થાય છે અને માનસિક શાંતિ મળે છે. શારીરિક પીડા હોય તો તે પણ દુર થાય છે અને અનેક ગણું પૂણ્ય ની પ્રાપ્તિ પણ થાય છે. પદ્મિની એકાદશીની વ્રત કથા મુજબ પુર્વ કાળે ઉજ્જૈન નગરીમાં શિવ પ્રસાદ નામના વિપ્ર રહેતા હતા. તેમને પાંચ પુત્રો હતા. જેમાં નાનો પુત્ર અતિ દુષ્ટ હતો. આથી તેને ઘરમાંથી કાઢી મુકે છે. તે ત્રિવેણી સંગમ આવી પહોંચે છે અને ત્યાં હરિ મિત્ર આશ્રમ માં પુરૂષોત્તમ માસની એકાદશીની કથા સાંભળીને પોતે તેનું વ્રત કરે છે. આથી લક્ષ્મીજી પ્રસન્ન થાય છે અને તે લક્ષ્મીજી પાસેથી વ્રતની વિધિ જાણે છે. આ વ્રત કરવાથી તેનો પુત્ર સાત્વિક બની જાય છે અને ધનવાન બને છે. સ્વયં લક્ષ્મીજી કહે છે કે, જે રીતે નદીઓમાં ગંગા ઉત્તમ છે, ફૂલોમાં કપાસનું ફૂલ ઉત્તમ છે, પક્ષીઓમાં ગરૂડ શ્રેષ્ઠ છે, મહિનાઓમાં પુરૂષોત્તમ માસ ઉત્તમ છે. જે રીતે તિથિઓમાં કમલા એકાદશી એટલેકે પદ્મિની એકાદશી ઉત્તમ છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

# ભેંસાણ નજીકથી ૪૫૧ પેટી વિદેશી દારૂ ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૮

ભેંસાણ પાસેથી જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે ફિલ્મી ઢબે પીછો કરી લુધીયાણાથી લવાતો ૪૫૧ પેટી દારૂ સાથેનુ ટેન્કર પકડી પાડી રૂા. ૩૩.૯૦ લાખના મુદામાલ સાથે ડ્રાઈવરની ધરપકડ કરી છે. જીજે-૦૨-ઝેડ ૯૧૧૬ નંબરના ટ્રક-ટેન્કરમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો લવાતો હોવાની બાતમી મળતા જૂનાગઢ ક્રાઈમબ્રાંચના ઈન્ચાર્જ પીઆઈ જે.જે. પટેલ અને પીએસઆઈ જે.જે. ગઢવી, ડી.કે. ઝાલા સહિતના સ્ટાફે ભેંસાણ નજીક પરબ ચોકડી પાસે વોચ ગોઠવી હતી. આ દરમ્યાન મળેલ બાતમીવાળો ટ્રક-ટેન્કર આવતા ક્રાઈમ બ્રાંચે વાહન રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ ડ્રાઈવરે વાહન ભગાવી મુકયું હતું. જો કે પોલીસે પીછો કરીને દેવકી ગાલોલ ગામ પાસેથી ટ્રક ટેન્કરને રોકયું હતું. જેની તલાસી લેતા ટેન્કરમાંથી તેમજ ચોર ખાનામાંથી જુદી જુદી બનાવટનો ૪૫૧ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચે ડ્રાઈવર જાલોર જીલ્લાના સરનાઉનો અજારામ ભાવારામ જગારામ રબારી (ઉ.વ. ૩૦)ની ધરપકડ કરી હતી. જેની પુછપરછ કરતા આ શખ્સો સરનાઉના શેઠ રૂગનાથરામ ગોખલારામ બિશ્નોઈના કહેવાથી પંજાબના લુધીયાણા ખાતેથી સરદારજીએ દારૂ ભરેલ ટ્રક ટેન્કર આપ્યુ હતું. જે ઉપલેટા ખાતે ખાલી કરવા જણાવેલ અને બરવાળા, વલ્લભીપુર, અમરેલી, ભેંસાણ થઈ જેતપુરથી ઉપલેટા જવાનુ કહયું હતું. ક્રાઈમ બ્રાંચે ડ્રાઈવર અજારામની ૪૫૧ પેટી ઈંગ્લીશ દારૂ તેમજ વાહન સહિત કુલ રૂા. ૩૩,૯૦,૩૫૦ના મુદામાલ સાથે ધરપકડ કરી હતી અને રૂગનાથરામ બિશ્નોઈ સામે પોલીસમાં ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવી હતી.

# જૂનાગઢ શહેર જીલ્લામાં આજે સેજ-તાજીયા માતમમાં આવશે : આવતીકાલે રાત્રે ઝુલુસ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૮

જૂનાગઢ શહેર જીલ્લામાં મહોરમ મનાવવા માટે તડામાર તૈયારીઓ થઈ ચુકી છે. સત્યને ખાતર આજથી ૧૪૦૦ વર્ષ પહેલા ઈરાકના કરબલાના રણમાં હઝરત ઈમામ હુસેન અને તેમના ૭૨ સાથીઓએ શહાદત વ્હોરી લીધી હતી. આ અમર શહાદતની યાદમાં મુસ્લીમ બિરાદરો દ્વારા મહોરમ માસમાં તાજીયાના ઝુલુસ કાઢવામાં આવે છે. અને શહીદોને અશ્રુભિની શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે. તદ અનુસાર જૂનાગઢ શહેર જીલ્લામાં પણ તાજીયાના ઝુલુસ સદીઓની પરંપરા મુજબ નીકળે છે. આજે રાત્રે જૂનાગઢ શહેરમાં તાજીયા પડમાં (માતમમાં) આવશે અને પોતપોતાના વિસ્તારમાં ફરશે.

ત્યારબાદ જેતે વિસ્તારમાં તાજીયા તેના નિયત સ્થળે બેસાડવામાં આવશે. અને આવતીકાલે મહોરમની ૧૦ તારીખ એટલે કે આશુરાની રાત્રીએ જૂનાગઢ શહેરમાં તાજીયાનુ ઝુલુસ નીકળશે જે શહેરના રાજમાર્ગો ઉપર ફરી વહેલી સવારે વંથલી દરવાજા સ્થિત કરબલા ખાતે સંપન્ન થશે. જૂનાગઢ શહેરમાં સૌ પ્રથમ સેજ ત્યારબાદ દાતારનો સરકારી તાજીયો અને ત્યારબાદ શહેરના અન્ય વિસ્તારના તાજીયા ઝુલુસમાં જોડાય છે. જૂનાગઢ શહેરમાં પચાસથી વધુ પરમીટવાળા તાજીયા નીકળે છે. તેમજ માનતાના પણ તાજીયા હોયછે. મહોરમ નિમિત્તે શહેરના સુખનાથ ચોક, જેલ રોડ, ઝાલારોપા, ઢાલ રોડ, ચિતાખાના, સ્ટેશન દરવાજા વગેરે વિસ્તારમાં કલાત્મક શબીલો બનાવવામાં આવી છે જે લોકોના આકર્ષણનું કેન્દ્ર બની છે. શબીલોમાં દરરોજ સાંજે ન્યાઝ (પ્રસાદ), શરબત સહિતના આયોજનો થયા છે. મહોરમના દસ દિવસ સુધી વિવિધ વિસ્તારોમાં કરબલાના શહિદોની સહાદતને યાદ કરવા માટે વિશેષ પ્રવચનો પણ યોજાઈ રહયા છે. જેમાં શ્રધ્ધાળુઓ આસ્થાભેર ભાગ લઈ રહયા છે.

# ગીર સોમનાથના વેરાવળ તેમજ તાલાલા તાલુકામાં જમીન ધોવાણ અંગે સર્વેની કામગીરી

## કુલ ૧૫ ટીમો દ્વારા દેદા, સોનારિયા, માધુપુર વગેરે ગામમાં થઈ રહ્યો છે સર્વે





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

ગીર સોમનાથ જિલ્લામાં તા.૧૮ થી તા.૨૦ જુલાઈ દરમ્યાન પડેલ ભારે વરસાદ તથા હિરણ અને દેવકા નદીમાં ઉભી આવેલ પૂરની પરિસ્થિતિના કારણે કેટલાક વિસ્તારો ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં ખેતરોમાં પાણી ભરાઈ જવાની સાથે જમીન ધોવાણની પરિસ્થિતિ ઉભી થઈ છે. જેથી તાલાલા તેમજ વેરાવળ તાલુકામાં તંત્ર દ્વારા સર્વે શરૂ કરવામાં આવ્યો છે. જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલેના માર્ગદર્શન અને સૂચન દ્વારા તાલાળા અને વેરાવળ તાલુકાના દેદા, સોનારિયા, માધુપુર વગેરે ગામોમાં જમીન ધોવાણનો સર્વે ચાલી રહ્યો છે. જેના માટે કુલ ૧૫ ટીમો સર્વેની કામગીરી કરી રહેલ છે. આ ટીમમાં મદદનીશ ઈજનેર અને અધિક મદદનીશ ઈજનેરનો પણ સમાવેશ થાય છે. જિલ્લાનો અંદાજીત કુલ વાવેતર ખરીફ-૨૦૨૩ ઋતુમાં ૧,૪૭,૭૨૪ હેક્ટર થયેલ છે. જેમાં મુખ્ય પાકો મગફળીનું કુલ ૭૭,૭૮૦ હેક્ટર, સોયાબીનનું ૩૩,૭૧૭ હેક્ટર અને કપાસ પાકનું ૧૬,૯૪૭ હેક્ટર તથા અન્ય પાકોનું વાવેતર થયેલ છે. હાલ ખેતરોમાં પાણી ભરાયેલ હોઈ પાક નુકશાનીનું આકલન થઈ શકતું નથી આથી પાણી ઓસર્યા બાદ પાક નુકશાની અંગે કાર્યવાહી થશે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીઆએ જણાવેલ છે.

# વેરાવળમાં મહોરમના તાજીયા ઝુલુસ માટે વિશેષ બંદોબસ્ત તૈનાત કરવાની સાથે ડ્રોન, સીસીટીવી, બોડી વોર્ન કેમેરાઓથી ચાંપતી નજર રાખવામાં આવશે



**તહેવારોને લઈ જિલ્લા પોલીસવડાએ શહેરના તમામ આગેવાનો સાથે શાંતિ સમિતિની બેઠક યોજી : તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે પોલીસ તંત્રના સહકારમાં રહેવા પોલીસવડાની આગેવાનોને ખાસ અપીલ**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૮

સંવેદનશીલ વેરાવળ શહેરમાં આગામી મહોરમ અને જાગરણના તહેવારોને લઈ જિલ્લા પોલીસવડાએ સર્વે સમાજના આગેવાનો સાથે શાંતિ સમિતિની બેઠક યોજી હતી. જેમાં આ તહેવારોને લઈ વિભાગ દ્વારા ચાંપતો બંદોબસ્ત રહેનાર હોવા અંગે માહિતી આપવાની સાથે આગેવાનોને સતર્કતા દાખવી પોલીસ તંત્રના સહકારમાં રહેવા અપીલ કરી હતી. વેરાવળમાં જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં આગામી દિવસોમાં આવી રહેલા મહોરમ અને જાગરણના તહેવારોને લઈ તમામ સમાજના ઉપસ્થિત આગેવાનો સાથે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ તહેવારો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી થાય તેના ઉપર સૌ એ ભાર મુકયો હતો. બેઠકમાં પોલીસ અધિકારીઓએ આગેવાનોની રજૂઆતો સાંભળી હતી. આ બેઠકમાં જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જણાવેલ કે, સંવેદનશીલ શહેર હોવાથી આ વખતે મહોરમ અને જાગરણ તહેવારોને લઈ વિશેષ બંદોબસ્ત તૈનાત કરવાનું આયોજન કરાયુ છે. મહોરમ પર્વે ૬૦ તાજીયાઓને મંજુરી આપવામાં આવી હોય તેઓને નંબરની ફાળવણી કરવામાં આવશે. દરેક તાજીયા સાથે એક વોલીનટીયરની ટીમ ઉપરાંત પોલીસના જવાનો રહેશે. તાજીયાના ઝુલુસના રૂટ ઉપરના તમામ સ્થળોએ ચાંપતો બંદોબસ્ત તૈનાત રહેશે. આ ઝુલુસ ઉપર બોડી બોર્ન કેમેરા, ડ્રોન કેમેરા, સીસીટીવી સર્વેલન્સના કન્ટ્રોલ રૂમ ઉપરથી ખાસ વોચ રાખવામાં આવશે. આ ઉજવણીમાં કોઈપણ પ્રકારની ટીખળગીરી ચલાવી લેવાશે નહીં જેનું ખાસ ધ્યાન રાખવા ટકોર કરી હતી. આ ઉજવણીમાં પોલીસના સહકારમાં રહેવા અપીલ કરી હતી.

# મેંદરડા અને વિસાવદર પંથકમાં જુગાર દરોડા : અનેક ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨૮

મેંદરડા પોલીસે ગઈકાલે ડેડકીયાળી ગામ નજીક જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને રૂા.૧૧,૩૧૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે. જયારે નાગલપુર ગામે જાહેરમાં જુગાર રમતા બે શખ્સોને રૂા.૧૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. આ ઉપરાંત વિસાવદર પોલીસે રાજપરા ગામે જુગાર અંગે દરોડો પાડતા નવ શખ્સોને જાહેરમાં જુગાર રમતા રૂા.૭૩૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે સરસઈ ગામેથી જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂા.૭૮૩૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ સામે જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# બિલખામાં પુર હોનારતમાં તબાહ થયેલ કુટુંબોને બોઘરા પરીવાર તરફથી રાહત કીટનું વિતરણ થતા રાહત



(પ્રતિનિધિ દ્વારા)

બિલખા તા. ૨૮

બિલખામાં ગત તા. ૨૨ જુલાઈને શનિવારના રોજ તમામ નદીઓમાં ભયંકર પુર આવતા નીચાણવાળા વિસ્તારમાં લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા હતાં. જેના પરીણામે અનેક લોકોની જીવન જરૂરીયાતની ઘર-વખરીનો નાશ થઈ ગયો હતો. લોકોની વેદના ધ્યાને લઈને જીલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન રાઠોડભાઈ બોઘરાના મોટા પુત્ર જયેશભાઈ બોઘરાએ નીચાણવાળા વિસ્તારો જેવા કેઘર વખરી તબાહ થઈ ગઈ હતી તેવા જરૂરીયાતમંદ પરીવારોને કરીયાણાની કીટ પુરી પાડતા આવા કુટુંબોમાં આનંદની લાગણી જોવા મળે છે.

# ઉના તાલુકાનાં ઉટવાળા ગામે જુગાર દરોડો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૮

ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસના ઈન્ચાર્જ પીઆઈ વી.કે. ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ મોરી, પ્રફુલભાઈ વાઢેર, રાજુભાઈ ગઢીયા અને પોલીસ કોન્સ્ટેબલ સંદીપસિંહ ઝંનકાટ અને સ્ટાફે બાતમીના આધારે ઉના તાલુકાના ઉટવાળા ગામે ગાંધી ચોકમાં જાહેરમાં રૂપિયાની હાર જીતનો જુગાર રમતા દાદુ કલાભાઈ ગોહિલ, ગંભીર જીલુભાઈ ગોહિલ, યોગેશ લખમણ ગોહિલ, અલ્પેશ બાબુભાઈ દુધાત, મસરી સાર્દૂલભાઈ સાંખટ, હમીર ઉકાભાઈ સાંખટ રે. તમામ ઉટવાળા અને ભરત માધુભાઈ બાંભણિયા રે. જાફરાબાદને તીન પત્તીનું સાહિત્ય અને રોકડા રૂપિયા ૫૦૧૦૦/ સાથે પકડી લીધા હતા.

જયારે બીજા બનાવમાં ગીર ગઢડા ગામમાં મામલતદાર ચોકમાં ભરવાડ શેરીમાં જુગાર રમતા જોધા આતુભાઈ વાઘેલા, જેશુર કરશનભાઈ મકવાણા, અશ્વિન આતુભાઈ ભાલીયા, મહેશ જશુભાઈ સાંખટ રે. તમામ ગીર ગઢડા વાળાને જુગાર રમતા રોકડા રૂપિયા ૧૨૭૦૦/ સાથે પકડી લીધા હતા. આમ કુલ રૂપિયા ૬૨૮૦૦/નો જુગાર રમતા ૧૧ જુગારીઓને પકડી અને ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સ્વ. વિમળાબેન જેરામભાઈ ટાંક (સાવરકુંડલા) તા. ૨૭-૭-૨૩નાં રોજ અક્ષરધામ નિવાસી થયેલ છે. તે જેરામભાઈ સવજીભાઈ ટાંકનાં પત્ની, જીવરાજભાઈ સવજીભાઈ ટાંકના ભાઈના પત્ની, ઘનશ્યામભાઈ (અક્ષર બેકરીવાળા), અનિલભાઈ (આઈસીઆઈસીઆઈ બેંક), આશાબેનના માતા, શંભુભાઈ વીરજીભાઈ જાદવ, હિંમતભાઈ વીરજીભાઈ જાદવ માલસીકાવાળાના બહેન તેમનું બેસણું પ્રાર્થનાસભા તા. ૨૯-૭-૨૩નાં રોજ રાખેલ છે.

# જૂનાગઢમાં સેન્ટીંગના ચોકાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢના ઝાંઝરા ગામ ખાતે રહેતા ગંગદાસભાઈ વ્રજલાલભાઈ ટાંકએ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તેઓનું સેન્ટીંગનું કામકાજ રાધાનગર, આંબાવાડીમાં ચાલતું હોય અને તેમના સેન્ટીંગના ચોકા ત્યાં રાખવામાં આવેલ દરમ્યાન ગત તા.૧૭-૭-૨૦૨૩ના કોઈ અજાણ્યો ચોર સેન્ટીંગના ચોકા નંગ-૨૮ રૂા.૧૬,૮૦૦ની કિંમતના ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવેલ છે. બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદરની ૨૩ જર્જરીત મિલ્કતોને ઈમલો ઉતારી લેવા નોટીસ અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૨૮

માણાવદર નગરપાલીકા દ્વારા ૨૩ મિલ્કત ધારકોને દિવસ સાતમાં જર્જરીત બાંધકામનો ઈમલો ઉતારી લેવાની નોટીસ આપવામાં આવી છે. અને જો આ ઈમલો નહીં ઉતારાય તો વીજ કનેકશન સહિતની સુવિધા બંધ કરવાની સુચના આપવામાં આવી છે. જયારે માણાવદરની દીનદયાળ ઉપાધ્યાય શાકમાર્કેટમાથી પોપડા ખરી રહયા છે છતાં કોઈ પગલા લેવામાં આવતા નથી તેવો સુર શહેરીજનોમાંથી ઉઠવા પામ્યો છે.

# ખંભાળિયામાં રવિવારે વિના મૂલ્યે નેત્રયજ્ઞ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થાન માનવ સેવા સમિતિના ઉપક્રમે સંસ્થા સંચાલિત અત્રે જામનગર રોડ ઉપર આવેલી એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૩૦ જુલાઈના રોજ સવારે ૯ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની 'સાંસદ સંપર્ક' દેશવ્યાપી યોજના અંતર્ગત ઉચ્ચશિક્ષા સંવર્ગના પદાધિકારીઓ જોડાયા

અમદાવાદ તા.૨૮

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ભારતીય રાષ્ટ્રીય મૂલ્યો ને સમર્પિત તથા રાષ્ટ્ર કે હિત મેં શિક્ષા, શિક્ષા કે હિત મેં શિક્ષક, શિક્ષક કે હિત મેં સમાજ એ સંગઠન મંત્ર સાથે વર્ષ ૧૯૮૮ થી શિક્ષણક્ષેત્રે કાર્યરત શિક્ષકો અને અધ્યાપકોનું નું સંગઠન છે. આ સંગઠનના એક એકમ તરીકે ઉચ્ચ શિક્ષાસંવર્ગ એ કોલેજ અને યુનિવર્સિટીના પ્રાધ્યાપકોના પ્રશ્નોને વાચા આપતું અને રાષ્ટ્રહિતમાં કામ કરતુ સંગઠન છે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના રાષ્ટ્રીય પદાધિકારીઓ શ્રી મહેન્દ્ર કપુરજી તથા ઉચ્ચ શિક્ષાપ્રભારી મહેન્દ્ર કુમારની પ્રેરણાથી ભારતના તમામ પક્ષોના સંસદ સભ્યોને મળવાની રાષ્ટ્ર વ્યાપી સંપર્ક યોજના અંતર્ગત ગુજરાતથી ગયેલા ૧૭ ( સત્તર ) અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ હોદેદારોએ તા.૨૩-૭-૨૩ થી ૨૬-૦૭-૨૩ સુધી દિલ્હી મુકામે સાંસદોની મુલાકાત મુલાકાત લીધી હતી. જેમાં ઉચ્ચ શિક્ષા સંવર્ગના અધ્યક્ષ ડૉ.રોહિત દેસાઈ, સિ.ઉપાધ્યક્ષ ડૉ.બલરામ ચાવડા મહામંત્રીશ્રી ડૉ.નિર્મળસિંહ ઝાલા તેમજ ડૉ.મનોજભાઈ પ્રજાપતિ જોડાયા હતા અને ગુજરાતના સાંસદોને મળી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ઉચ્ચ શિક્ષા સંવર્ગની પ્રવૃત્તિથી માહિતગાર કર્યા હતા.

સંસદસત્રની અતિ વ્યસ્તતા વચ્ચે પણ ગુજરાતના સહુ સાંસદોએ આ સંગઠન વતી આવનાર સૌને ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણને લગતી સમસ્યાઓ અને મુદ્દાઓની ચર્ચા અને રજૂઆત કરવા માટે સમય ફાળવ્યો હતો. અને સૌરાષ્ટ્ર – ગુજરાતની પરંપરા મુજબ સહુનો આતિથ્ય સત્કાર કરી નવાજ્યા હતા. તેમજ સકારાત્મક અને પરિણામલક્ષી વલણ સાથે વહેલી તકે કોઈ પ્રશ્નો કે સમસ્યા હશે તો ત્વરિત ઉકેલાશે એની ખાતરી પણ આપી હતી.

# મહિલાઓને એક જ સ્થળે તમામ સહાય પુરી પાડતું દેવભૂમિ દ્વારકા જિલ્લાનું સખી-વન સ્ટોપ સેન્ટર

## જિલ્લામાં ચાર વર્ષમાં ૫૫૬ બહેનોનું કરાયું કાઉન્સેલિંગ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા હિંસાથી પિડીત મહિલાઓને કાઉન્સેલીંગ, રહેઠાણ, પોલીસ સહાય, કાયદાકીય માર્ગદર્શન, તબીબી સહાય પ્રકારની સુવિધા ચોવીસ કલાક વિના મૂલ્યે એક જ સ્થળેથી મળી રહે તેવા ઉમદા હેતુ માટે ભારત સરકાર દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર- ઓ.એસ.સી. યોજના અમલમાં મુકવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા કક્ષાએ મહિલા અને બાળ અધિકારીની કચેરી અંતર્ગત સખી-વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૧ માર્ચ ૨૦૧૯ થી ૩૦ જુન ૨૦૨૩ સુધીમાં ૫૫૬ હિંસાથી પીડિત મહિલાઓને ઉપર મુજબની સેવાઓ વિનામૂલ્યે ફાળવીને તેમનું કૌટુંબીક સમાધાન કરી સામાજીક પુનઃસ્થાપન કરાવવામાં આવ્યું. સખી વન સ્ટોપ સેન્ટર કોઈ પણ પ્રકારની હિંસાથી પીડિત મહિલાને ૨૪ કલાક વિનામૂલ્યે પાંચ દિવસ સુધી હંગામી આશ્રય આપી પિડીતાને કાઉન્સેલીંગ, પોલીસ સહાય, કાયદાકીય સહાય, તબીબી સારવાર વગેરે સેવાઓ આપ્યા બાદ કુટુંબમાં પુનઃસ્થાપન કરવાની સમાધાનકારી મહિલાલક્ષી કામગીરી કરે છે. જે ખંભાળિયાની સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડમાં તે કાર્યરત છે. જેના ફોન નંબર: ૦૨૮૩૩-૨૨૩૩૨૨૫ છે, જેનો કોઈ પણ મહિલા મુશ્કેલી નિવારણ માટે સંપર્ક કરી શકે છે. શારિરીક હિંસા, માનસિક હિંસા, જાતીય હિંસા, ભાવનાત્મક હિંસા, એસિડ એટેક, ઘરેલુ હિંસા, મહિલાઓનો અનૈતિક વ્યાપાર જેવા પ્રકારની હિંસાનો ભોગ બનેલી મહિલાઓ સખી વન સ્ટોપ સેન્ટરનો લાભ લઈ રહી છે, ઉપરાંત આ સેન્ટર ૧૮૧-અભયમ મહિલા હેલ્પલાઇન સાથે સંલગ્ન હોવાથી, કોઈપણ પીડિત મહિલા જો ૧૮૧ હેલ્પલાઇન ઉપર મદદ મેળવવા ફોન કરશે, તો તેના દ્વારા પણ પીડિતા મહિલાને વિનામૂલ્યે સખી-વન સ્ટોપ સેન્ટર ઉપર હિંસાના સ્થળથી રેસ્કયુ કરીને સખી-વન સ્ટોપ સેન્ટર ઉપર સલામતી માટે અને આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવે છે.

